**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : **૨૨૦૬૫૫૧**

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ–ડૉ.બી.જે.જાગાણી, ૨૪–નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઇવ, ભાવનગર, ૩૬૪૦૦૨ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

**• You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| સદ્ભાવભરી અભિનંદનીય સહાય | તંત્રીશ્રી | ૩ |
| નામસ્મરણ | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| ગુરુપૂર્ણિમાપર્વે પ્રસાદ વિતરણ | શ્રી રાજુભાઇ જાની | ૧૦ |
| પૂ.શ્રીની આત્મકથામાંથી આચમન | ડૉ.અરુણિકા મનોજ દરૂ | ૧૧ |
| મહાત્માશ્રી યોગેશ્વરજી–એક મહામાનવ | નારાયણ હ. જાની | ૧૬ |
| ષટ્ચક્રો વિષે શ્રીરામકૃષ્ણ પરમહંસ | નારાયણ હ. જાની | ૨૫ |
| શ્રીયોગેશ્વરજી–ધર્મ અને સાહિત્ય ક્ષેત્રે એક વિરલ વિભૂતિ | નારાયણ હ. જાની | ૩૧ |
| શાંન્તિ અને સુખ | રમણ મહર્ષિ | ૩૪ |
| પ.પૂ.મા શ્રી સર્વેશ્વરીની નિત્યનોંધ | મા સર્વેશ્વરી | ૩૫ |
| ભગિની નિવેદિતા | ધીરજબેન નાણાવટી | ૪૨ |
| A Loving Son's Letter to Pujya Maa | Samit | ૪૯ |
| સ્નેહઝંખતા બાળકનો સ્નેહ ઝરતો પત્ર | અનુવાદ : નારાયણ હ.જાની | ૫૫ |
| સાચા ગુરુનાં લક્ષણો | સંત રવિદાસ | ૬૨ |

**ભક્તિસુધા**

સદ્ગુરુ ને સજ્જનોતણાં, રસમય વચનો જેહ;
કદા પ્રેમથી સાંભળી, તુચ્છ ગણીશ આ દેહ? ૬૪
પરીક્ષિતની પેઠે કદા, શ્રવણ કરીશ ધરી પ્યાર?
ભૂખતરષને ભૂલીને, તુચ્છ ગણી સંસાર. ૬૫
પ્રભુકથાના શ્રવણમાં, કદા થશે બહુ ભાવ?
મુજ જીવન તેને ગણી, કદા લઇશ તે લાવ? ૬૬

# સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય

**કેનેડાના ટોરન્ટો શહેરમાં ૧૯૮૧ થી શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રની જ્યોત્ ભક્તદંપતી શ્રી સુરેશભાઇ શાહ, શ્રીમતી વિમળાબેન શાહે પ્રગટાવી છે. આજે તો તે દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રકાશિત થઈ રહી છે.**

**અતિનિયમિત સત્સંગ, અતિનિયમિત આરતી અને કેન્દ્રના સૌ સભ્યોની નિયમિત હાજરી અને પોતાના આંગણે સત્સંગ રાખીને અપાતી ભેટ અને વિશેષ દિવસોમાં આવતી ભેટ. બધું જ નોંધપાત્ર છે.**

**એ કેન્દ્રના સર્વ ભાઇબેનોની શુભેચ્છાનો શ્રી-લક્ષ્મીજીનો પ્રસાદ અધ્યાત્મને પણ પ્રાપ્ત થયો છે, તેનો આનંદ છે.**

**આ માસના અધ્યાત્મનો સંપૂર્ણ પ્રકાશન ખર્ચ એ કેન્દ્ર ઉપાડી રહ્યું છે.**

**ધન્યવાદ, હે ધ્યાનકેન્દ્ર, ધન્યવાદ કેન્દ્રના સૌ ભાઇબેનોને, ધન્યવાદ હે ભક્તદંપતી સુરેશભાઇ શાહ અને વિમળાબેન શાહને.**

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટનું આ પ્રકાશન જીવન-ભર આપ સૌના હાથમાં સુરક્ષિત રહો એ જ પ્રાર્થના.**



# નામસ્મરણ

કલિયુગ કૂડો અને રંગ રૂડો છે. એમાં દોષો, દૂષણો, આકર્ષણો, પ્રલોભનો, પીડાઓ, પરિતાપો, ભયસ્થનોનો પાર નથી.

એમાં જીવન અલ્પ, અતિશય અલ્પ અને એ પણ વાયુવેગે વહી જનારું છે. પ્રાણીના પ્રમત્ત પ્રમાથિ પ્રવાહીની પેઠે—પ્રબળવેગે પ્રવાહિત થનારું.

એનો અધિકાંશ શૈશવાવસ્થાની ક્રીડામાં. યુવાવસ્થાના મોહમાં, વૃદ્ધાવસ્થાની દીનહીન અસહાય અવસ્થામાં વિપત્તિ—વ્યાધિ—વેદનામાં વીતી જાય છે.

એટલે જેને જીવન, જાગૃતિપૂર્વકનું, સમજ સાથેનું જીવન કહીએ એવું જીવન અતિશય અલ્પ—સ્વલ્પ છે.

એવા જીવનમાં આત્મકલ્યાણનું ક્યું સાધન કરી શકાય? ભગવાન નામસ્મરણનું સાધન સરળ, સીધું, સારવાહી અત્યંત અસરકારક, આશીર્વાદરૂપ અને અમોઘ છે. સર્વ સાધનોના સારરૂપ છે. શાસ્ત્રો જણાવે છે કે સત્યયુગમાં ધ્યાનથી, ત્રેતાયુગમાં યજ્ઞયાગથી, દ્વાપરમાં સેવા અને આરાધનાથી ઈશ્વરપ્રાપ્તિ થઈ શકતી ને જીવનનું પરમસાર્થકય સધાતું. પરંતુ કલિયુગમાં તો ભગવાનના નામસ્મરણ કે નામસંકીર્તનથી એ હેતુની સિદ્ધિ થાય છે. કલિયુગમાં કેવળ નામનો જ આધાર છે. બીજી કોઈ જ ગતિ નથી. શક્તિ કે સાધના સામગ્રી નથી. કલિયુગજેવો સ્વલ્પસાધને મહાન ફળ આપનારો, ઓછી મૂડીએ મોટો નફો કરાવનારો બીજો કલ્યાણકારક યુગ નથી. એ દરમ્યાન ભગવાનના નામનો ગુણાનુવાદ કરવાથી સંસારને

અનાયાસે પાર કરી શકાય છે.

નામના સ્મરણની સાથે ઈશ્વરના શરણની સદ્‌ભાવા સંકળાયેલી છે. એમાં પરમેશ્વરની પતિતપાવની પ્રીતનો પારાવાર પડેલો છે. શ્રદ્ધાભક્તિની સુંદર શાંતિમયી સુધાપ્રદાયિની સરવાણ સરવાણી સમાયેલી છે. સ્મરણની સાથે એકાગ્રતા આવે છે. આનંદ અનુભવાય છે. પરમાત્માની પરાત્પર ચેતના સાથે સંબંધ બંધાય છે, અનુસંધાન સધાય છે.

નામસ્મરણ એકાગ્રતાસહિત કરાય કે એકાગ્રતા સિવાય કરવામાં આવે, સમજીને થાય કે સમજ્યા વિના થાય, રસપૂર્વક કરવામાં આવે કે રસ વિના, ભાવે કે કભાવે કરાય તો પણ નિરર્થક નથી થતું, નિષ્ફળ નથી જતું, શ્રેયસ્કર ઠરે છે. સ્મરણ કરતાં કરતાં કાળાંતરે રસ જાગે છે, જ્ઞાન પ્રગટે છે, ભાવજન્મે છે, એકાગ્રતા અનુભવાય છે, પ્રેમ પ્રબળ બને છે, અને એવા અન્ય અનેક લાભ થાય છે.

માટે બીજા સાધનોની ચિંતા તથા ભ્રમણામાં પડ્યા વિના નામસ્મરણ કરતા રહેવું.

જેમ સઘળા વેદો અને વૈદિકમંત્રોનું મૂલ ૐકાર છે તેમ સઘળી ઉપાસનાઓનું મૂલ, ઈષ્ટદેવમાં વિશુદ્ધપ્રીતિ વધારનારો પોતાના સદ્‌ગુરુદ્વારા પ્રાપ્ત થયેલો મંત્ર છે. તે મોક્ષમંત્ર બની શકે તેટલો ગુપ્ત રાખવો જોઈએ. તેનો વિધિપૂર્વક જપ કરવાથી તે ઈચ્છિત સર્વ શુભ ફલોને આપે છે.

—નાથ વચનામૃત




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૧ ઓગસ્ટ—૨૦૦૯ અંક ૧૧


## શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**સ્થળ:૫૫, અરૂણોદય સોસાયટી,અલકાપુરી, વડોદરા.**

**તા.૬—૨—૮૨, શનિવાર**

સવારે પૂ.શ્રી સમયસર સ્નાન કરી આજે વ્યાયામ થોડો કરે છે. વળી એક કલાક લેખનકાર્ય પણ કરે છે. થોડા આરામબાદ સાડા અગિયાર વાગતાં જ પૂ.શ્રી દ્વાર ઉઘાડે છે. પૂ.શ્રીના ભોજન માટેની સામગ્રી ઉપર લાવવામાં આવે છે.

મગની દાળ ને ભાત પૂ.શ્રી ભોજનમાં લે છે. ભોજનમાં આજકાલ શ્રી જીતુભાઈને દરરોજ સાથે બેસાડે છે. આજે શ્રી જીતુભાઈ બહાર ગયા હોવાથી એમની દીકરી કલ્પનાને પૂ.શ્રી ભોજન માટે બેસાડે છે.

ભોજન બહારના વરંડામાં લેવાનું બને છે. ભોજન બાદ પૂ.શ્રી ત્યાં જ મુલાકાત આપે છે.

એક અંગ્રેજી પુસ્તક ઉપર પૂ.શ્રીના આશીર્વચનની માંગણી થઇ હતી તે પૂ.શ્રીએ ગુજરાતીમાં લખી આપ્યા હતા તે જાણી સર્વેશ્વરીએ કહ્યું એને અંગ્રેજીમાં ભાષાંતર કરવું પડશે ને! પૂ.શ્રીએ એ સાંભળી ગુજરાતી લખાણનું અંગ્રેજી ભાષાંતર કરવાનું વિચાર્યું ને તરત જ બોલવા લાગ્યા પૂ.શ્રીના એ અંગ્રેજી શબ્દોને શ્રી રાજુભાઇ પૂરોહિતે લખવા માંડ્યા.

આજે એક બેનને પૂ.શ્રીએ ચિત્રકુટની માહિતી પણ આપી. વળી ગુજરાત રાજ્ય પુસ્તકાલય મંડળના પ્રમુખ શ્રી અંબુભાઇ પટેલ પણ પૂ.શ્રીને આજે મળે છે. તેમને પૂ.શ્રીનાં પુસ્તકો છાપવાની વાત કરી. તેમણે એક રકમ  તેમાંથી ગુજરાત રાજ્ય પુસ્તકાલય મંડળ તે પુસ્તક બહાર પાડે એવી યોજના રજૂ કરી.

પૂ.શ્રીનાં પુસ્તકો પ્રગટ કરવાની તેમણે વાતો કરી છેલ્લાં કેટલાંયે વરસોથી ગુજરાત રાજ્ય પુસ્તકાલય મંડળ પૂ.શ્રીનાં પુસ્તકો બહાર પાડે છે, પણ હમણાં સંસ્થાકીય ગૂંચને લીધે પ્રકાશન બંધ થયું હતું.

બપોરે ૨ વાગ્યા સુધી તે બધી વાતો થઇ, સૌએ વિદાય લીધી. પૂ.શ્રીએ આરામ કર્યો.

ફીશરની તકલીફને લીધે ફરજિયાત આરામ કરવો પડે છે. આજે પાંચ દિવસ પછી પૂ.શ્રીએ સવારે લેખનકાર્ય કર્યું.

આજે પ્રવચન માટે દાંડિયાબજાર જવાનું થયું. પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયા. પૂ.શ્રીએ ફક્ત દૂધ લીધું. સાંજે હળવો નાસ્તો પણ પૂ.શ્રીનો બંધ છે. દૂધ લીધા બાદ પૂ.શ્રી આરામ કરે છે.

**સ્થળઃ૫૫, અરૂણોદય સોસાયટી,અલકાપુરી, વડોદરા.**

**તા.૭–૨–૮૨, રવિવાર**



સવારે પૂ.શ્રી સ્નાન કર્યા બાદ દરરોજના નિયમ પ્રમાણેની કસરત શરૂ કરી દે છે. એ ઉપરથી લાગે છે કે ફીશરની તકલીફ હળવી થઇ હશે. કસરત બાદ ૧।। કલાક લેખન કાર્ય કરી સાડાનવે દૂધ પી લે છે. આજકાલ ઠંડક માટે પૂ.શ્રીને દ્રાક્ષ, સાકર ને વરીયાળીનું પાણી પણ આપવામાં આવે છે.

લેખનકાર્યબાદ મંત્રજપ માટેની માળા હાથમાં લઇ પલંગ ઉપર પૂ.શ્રી આરામ કરે છે.

બરાબર સાડા અગિયાર વાગ્યે દ્વાર ખુલી જાય છે.પૂ.શ્રી ખીચડી શાકનું ભોજન લે છે.

ભોજન બાદ મુલાકાત શરૂ થાય છે. આજે રાજકોટથી શ્રી શાંતિભાઇ પણ સપરિવાર પૂ.શ્રીને મળવા આવ્યા છે, મુલાકાતમાં શ્રી દયાનંદ સરસ્વતી વિષે પ્રશ્નોત્તરી થાય છે વળી સંપ્રદાય એ સંકુચિત વાડા કહેવાય કે કેમ, એ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા થાય છે.

આજે ગુજરાત બ્રાહ્મણ સમાજના પ્રમુખ પૂ.શ્રીનું સન્માન કરવા માટેની ભલામણ કરવા આવે છે. પૂ.શ્રીએ તેમને કહ્યું, “એકવાર તો કર્યું છે, છતાં તમારે એ કાર્યક્રમ રાખવો હોય તો રાખો. જેથી તા. ૨૧/૨/૮૨ની સાંજનો તે કાર્યક્રમ નક્કી થાય છે.

મુલાકાતનો સમય પૂરો થયા બાદ શ્રી શાંતિભાઇ દશેક મિનિટ વાતો કરે છે. પૂ.શ્રી આરામ કરે છે. સર્વેશ્વરી શાંતિભાઇને આલબમ વગેરે બતાવે છે.

સાંજે પ્રવચન સ્થળે સમયસર જીતુભાઇની ગાડીમાં જવાનું અને પ્રવચનબાદ સમયસર ઉતારા ઉપર આવી જવાનું બને છે.

પૂ.શ્રીની પ્રસાદી રૂપે બે ચાર, આઠ, દશ પુસ્તકો વિદેશમાં વસતા ભાઈબેનો માટે પારસલ કરવામાં આજકાલ સર્વેશ્વરી પોતાનો બધો સમય આપે છે. વિદેશમાં જે જે ભાઈબેનોએ પૂ.શ્રીની યત્કિંચિત સેવા કરી તેને પ્રસાદી રૂપે કંઈક મોકલવાની સર્વેશ્વરીની ઈચ્છા એ રીતે સાકર બની રહી છે.

પૂ.શ્રીએ દૂધ સાથે બાફેલો એક બટાકો ને એક બિસ્કીટ લઈ આરામ કર્યો.

**(ક્રમશઃ)**

ઈહલોકની તમારી આ યાત્રા કેવળ સ્થૂળ, ભૌતિક બાબતોમાં રાચીને મૃત્યુધર્મને પામવા માટે નથી. પ્રત્યેક જીવાત્મા તેના પોતાના શાશ્વત સ્વરૂપને પામવાના—આત્મસાક્ષાત્કાર પામવાના દિવ્ય પ્રારબ્ધ સાથે જ જન્મે છે. તમારું જીવન ઉચ્ચ મૂલ્યો માટે છે, એ શાશ્વત સંદેશને હંમેશ યાદ રાખો. —કઠોપનિષદ્

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# ગુરુપૂર્ણિમાપર્વે પ્રસાદ વિતરણ

**શ્રી રાજુભાઈ જાની**

સ્વર્ગારોહણ તીર્થમાં ગુરુપૂર્ણિમા પર્વ નિમિત્તે ૐ મા અન્નક્ષેત્રના ઉપક્રમે અંબાજી આસપાસના ગ્રામ્ય વિસ્તારની શાળાના બાળકોને પ્રસાદ વિતરણનું આયોજન કરાયું હતું જ્યાં અંબાજી—બાલારામ રોડ ઉપર આવેલ સાત ગામના ૭૫૦ બાળકોને બુંદી તેમજ ચવાણાના પ્રસાદનું વિતરણ થયું. આ રોડ ઉપર ચાલતા રાહત કાર્યોમાં કામ કરતા લગભગ—૧૫૦ મજૂરો પણ પ્રભુનો આ પ્રસાદ પામ્યા. તે જ રીતે સ્વર્ગારોહણના દ્વાર પાસેથી પસાર થતી લાકડાની ભારી વેચવા જતી આદિવાસી બેનો પણ ગુરુપૂર્ણિમાના પ્રભાતે સ્વર્ગારોહણ તીર્થનો આ પ્રસાદ પામી.

ત્રણ દિવસના આયોજિત ગુરુપૂર્ણિમા પર્વમાં પ્રથમ દિવસ સાધનાદિન તરીકે ભક્તોએ મનાવ્યો જેમાં ઉપસ્થિત નાના મોટા સૌ ભક્તોએ પોતાની રીતે જ સાધનાના જુદા જુદા નિયમો લઈ પૂર્ણ કર્યા. બીજાદિવસે યુવાન ભક્તો પ્રસાદ વિતરણ કાર્યમાં જોડાયા તો બાકીના ભાઈ/બહેનોએ શ્રીયોગેશ્વર લીલામૃતના ૧૦ અધ્યાયનું પારાયણ કર્યું. ગુરુપૂર્ણિમાના દિવસે પૂ. શ્રી મા સર્વેશ્વરીએ ઉપસ્થિત સૌ ભક્તોને કેનેડાના વન વિશ્રામ સ્થાનેથી ઈન્ટરનેટની સવલત દ્વારા દર્શન આપ્યા. જે પર્વમાં આવ્યા તે સો જેટલા ભાઈ/બહેનો/બાળકો પૂ. શ્રી માના દર્શન પ્રસાદ ગુરુપૂર્ણિમાના દિવસે પામી ધન્ય બન્યા. પૂ.શ્રીની અમૃતવાણીનું શ્રવણ અને શ્રીયોગેશ્વર લીલામૃતના બાકીના ચાર અધ્યાયના પારાયણ પછી કાર્યક્રમ પૂર્ણ થયો.

આ પર્વના ત્રણે દિવસો દરમ્યાન ગુજરાતમાં વરસાદ ન હોવાના કારણે સૌએ સામૂહિક ધૂનમાં જોડાઈ પ્રભુને ગુજરાતની ધરતી પર કૃપા વર્ષા માટે પ્રાર્થના કરી.

# પૂ.શ્રીની આત્મકથામાંથી આચમન

ડો. અરુણિકા મનોજ દરૂ

## ૧. રામ રાખે તેને....

(શ્રી યોગેશ્વરજીની આત્મકથા 'પ્રકાશન પંથે'ને આધારે તૈયાર કરેલા આ બન્ને લેખ શ્રી યોગેશ્વરજીના પ્રભુપ્રેમ અને પ્રાર્થનાપ્રેમને વ્યક્ત કરે છે અને જનસામાન્યને દિશાસૂચન કરી ઈશ્વરાભિમુખ કરે છે.)

શ્રી યોગેશ્વરજીની આત્મકથામાં કેટલાક પ્રસંગો એવા આવે છે કે જેને સતત સ્મરણમાં રાખીએ તો જીવન જીવવાની દિશા મળે. પથભૂલેલાને પથદર્શક બની શકે એવા પ્રસંગો એમની આત્મકથામાં ઠેરઠેર વેરાયેલા રત્નકણો સમા છે. પ્રસંગ તો હોય સાવ નાનો. સામાન્યદૃષ્ટિને નજીવો ક્ષુલ્લક લાગે તેવો. પણ સંતપુરુષની સૂઝપૂર્વકની વિશિષ્ટ દૃષ્ટિ, વિવેકદૃષ્ટિએ નિરૂપાયા પછી પ્રસંગનું મહત્ત્વ કૈંક ઓર વધી જાય છે. એવા બે પ્રસંગો અહીં ઉદ્ધૃત કરું છું.

શ્રી યોગેશ્વરજીની આત્મકથા 'પ્રકાશના પંથે'ના બીજા ભાગમાં આત્મકથાકાર સંતપુરુષે બદરીનાથ યાત્રાનાં સંસ્મરણો આલેખ્યાં છે. "બદરીનાથના માર્ગમાં વિષ્ણુપ્રયાગથી આગળ જતાં બલદૌડા ચટ્ટી આવે છે. ત્યાંથી ઘાટ ચટ્ટીનો લગભગ ત્રણેક માઈલનો માર્ગ જરા વધારે કપરો, પથરીલો અને લાંબો લાગે છે. એ માર્ગ આગળ ચાલતાં શરૂઆતમાં જ એક પુલ આવે છે તેને પસાર કરીને અમે આગળ વધી રહ્યાં હતાં, એટલામાં કોઈની બૂમ સાંભળી. અમારી સાથે બીજું કોઈ હતું નહીં એટલે



બૂમનું કારણ અમારી સમજણમાં આવ્યું નહીં. હું અને માતાજી બન્ને જરા વિસ્મિત બની ઊભાં રહ્યાં. ધ્યાનપૂર્વક જોયું તો જણાયું કે પુલને સામે છેડે કેટલાક માણસો ઊભા ઊભા બૂમ પાડી રહ્યા હતા. બૂમનું કારણ સમજવા આગળ જોયું તે જ વખતે. આખો ય પ્રસંગ અમારી સમજણમાં આવી ગયો."

વાત એમ હતી કે એક ડોશીમા બદરીનાથથી પાછા ફરીને પુલ તરફ જતાં હતાં. તેમના સાથીઓથી તેઓ છૂટાં પડી ગયેલાં. આંખે બરાબર દેખાય નહીં તેથી મુખ્ય માર્ગ ભૂલી, ભળતી પગદંડીના માર્ગે ચઢી ગયેલાં અને એવા ખતરનાક સ્થળે આવી પહોંચ્યાં હતાં કે એક ડગલું આગળ વધે તો નીચે ગંગાનદીમાં જ પડે. પુલને સામે છેડેથી લોકોએ તે જોઈને બૂમ પાડી હતી. ડોશીમા શ્રી યોગેશ્વરજીની ઘણી નજીક હતા. એટલે શ્રી યોગેશ્વરજી ઝડપથી જઈને તેમને મુખ્ય માર્ગે દોરી લાવ્યા. શ્રી યોગેશ્વરજી લખે છે. "ફક્ત એક જ પગલું તેમના જીવનનો નિર્ણય કરી નાખે. પરંતુ જેને રામ રાખે તેને કોઈ પણ શું હરકત કરી શકે? ડોશીમાની સાથે કોઈ ન હતું. તેમના બધા જ સાથી આગળ થઈ ગયેલા પણ પ્રભુનો સાથ તેમને મળી ગયેલો. જે સહુની સમીપમાં વાસ કરે છે તે પ્રભુ તેમનાથી દૂર ન હતા. તે પ્રભુએ જ તેમને બચાવી લીધાં."

આ આખા યે પ્રસંગ પરથી આત્મકથામાં અંતર્નિહિત એવાં તારણ કાઢી શકીએ. ડોશીમાના સાથવાળા માણસો ઘરડા માણસની સંભાળ રાખવાની ફરજ ચૂક્યા, તે યાત્રાનું ક્યું ફળ મેળવવાની ઈચ્છા રાખી આગળ ને આગળ ચાલતા હશે? મતલબ કે સાચી યાત્રા તો કહેવાય જનસેવા એ પ્રભુસેવા ગણવામાં. સાથવાળા વૃદ્ધ અસહાય મનુષ્યને છોડી

પાષાણમૂર્તિના દર્શને દોડવાથી ઈશ્વર મળે ખરો? બીજું, ઈશ્વરની અદશ્ય શક્તિ સહુને સહાય કરતી જ હોય છે. જેને રામ રાખે તેને સમય પર સહાય મળી જ રહે છે. એ માટે ઈશ્વરીશક્તિમાં અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ જોઈએ અને એટલે જ શ્રી યોગેશ્વરજી ઈશ્વરને વિનમ્રપણે પ્રાર્થે છે. "જીવનનો મુખ્ય માર્ગ ભૂલી જઈને અમે જ્યારે પણ વિપથગામી બની જઈએ ત્યારે તમારી અદશ્ય મદદ અમને વેળાસર મળી રહેજો ને તમારી અમીદષ્ટિથી અમારું જીવન સફળ બનજો. તમારો અને અમારો સાથ કદી પણ ના છૂટજો. જીવનની વિકટ યાત્રામાં તમે સદાયે અમારી સાથે રહેજો."

કેવો નાનકડો પ્રસંગ! અને પરિણમ્યો કેવી સુંદર પ્રાર્થનામાં! સાધુસંતોની આ જ તો વિશેષતા હોય છે કે નાનકડી ઘટનાને સુંદર વળાંક આપી, ઈશ્વરી કૃપાની યાચનામાં સુંદર રીતે પલટાવે છે!

## ૨. તુલસીક્યારો

બીજો એવો જ પ્રસંગ છે. 'ઉપવાસના દિવસોના મનોભાવો'માં. શ્રીયોગેશ્વરજી લખે છે : "સરોડામાં આશ્રમના આંગણામાં માતાજીએ તુલસીનો ક્યારો કર્યો હતો. તુલસીમાતા મસ્તીમાં આવીને મહાલી રહ્યાં હતાં. માતાજી તેમને રોજ પાણી પાતાં અને જોઈ રહેતાં. તે વખતે તેમનું હૈયું હાલી ને ડોલી ઊઠતું. એકલાં માતાજી જ નહીં પણ જે કોઈ તેને જોતું તે ડોલી ઊઠતું અને આનંદમાં આવી જતું."

પણ પછી તે રંગ બદલાયો. માતાજી યોગેશ્વરજી સાથે બહારગામ ગયાં. ગામનાં ડોશીમાને તુલસીની ભાળ રાખવાનું સોંપી ગયાં. ડોશીમા ભારે ભક્તિવાળાં પણ ડોશીમાને કામ ઘણું



પહોંચે એટલે તુલસીમાતાની નિયમિત સંભાળ રાખવાનું તેમનાથી બન્યું નહીં. પરિણામે તુલસીમાતા સુકાઈ ગયાં. હિમાલયથી પાછાં વળતાં શ્રીયોગેશ્વરજી અને માતાજી સરોડા ગયાં ત્યારે સુકાયેલાં તુલસીમાતાજીને જોઈ જરા દ્રવી ગયાં.

વાત આટલેથી પણ અટકતી નથી. ખરું સમજવાનું તો હવે જ છે. માતાજી દુઃખી દુઃખી થઈ માથે હાથ દઈને બેસી ન રહ્યાં પણ એમણે શ્રદ્ધા રાખી અને પ્રયત્નો ચાલુ રાખ્યા. તુલસીમાતાને નિયમિત પાણી પાઈ ક્યારાને ભીનો રાખવા માંડ્યો તો કેટલાક દિવસની જહેમત રંગ લાવી. માતાજીની શ્રદ્ધા અને સબૂરી ફળ્યાં. પરિશ્રમનું પરિણામ લાભદાયક આવ્યું. તુલસીમાતાને નવજીવન મળ્યું. આ પરિશ્રમ એવો સાર્થક નીવડ્યો કે તુલસીક્યારો પાછો સહુને આનંદ આપતો શોભી ઊઠ્યો.

વાત તો છે નાની અમથી. પણ જીવનને જરૂરી બોધ આપનારી છે. ફળની આશા સેવ્યા વગર પરિશ્રમ કરતા રહો. શ્રદ્ધાથી, ખંતથી તો ઉપરવાળાની કૃપા અવશ્ય ઊતરે જ છે. તમે કહેશો સુકાયેલા છોડને ફરી લીલોછમ કરવા સમયાનુસાર પાણી પાવાનું કામ તો ધીરજ રાખીને ઘણી વ્યક્તિ કરે, કરી શકે. એમાં કંઈ નવું નથી. અને તેમની મહેનત ફળે અને છોડ નવપલ્લવિત થાય પણ ખરો, તો તેમાં વળી બોધપાઠ શો લેવાનો? છોડ ફરી હરિયાળો થાય તેમાં ઈશ્વરની કૃપા થઈ એમ માની આપણે આભાર પણ માનીએ એ પણ શક્ય છે. પણ સામાન્ય વ્યક્તિ એટલા બે સોપાન સર કરીને બેસી રહે. ત્રીજું સોપાન ચઢવાનું કાર્ય જે પૂજ્ય શ્રીયોગેશ્વરજીને સૂઝ્યું તે આપણને ભાગ્યે જ સૂઝે અને તે તુલસીક્યારાને નવજીવન મળ્યું તે નિમિત્તે પ્રભુને કરેલી પ્રાર્થના. શ્રીયોગેશ્વરજી પ્રભુને પ્રાર્થના

કરવાની તક ક્યારેય ચૂકતા નથી. એ એમના વ્યક્તિત્વની વિલક્ષણતા અહીં સ્પષ્ટ સ્વરૂપે પ્રગટ થઇ છે. આ નાની લાગતી ઘટના પરથી પણ શ્રીયોગેશ્વરજીને પ્રભુને પ્રાર્થવાનું એક પ્રયોજન મળી ગયું. શ્રીયોગેશ્વરજી લખે છે : ''મારા જીવનનો તુલસીક્યારો તમે તમારા જ હાથે તૈયાર કર્યો છે. તમારા જ પ્રેમપાણીથી તેનો ઉછેર થયો છે પણ તેની દશા આજે કેવી છે? તેની સંભાળ તમે છોડી દીધી છે કે શું? કેમ કે તેનો રસ સુકાવા માંડ્યો છે. કૃપા કરીને હવે તેના તરફ ધ્યાન આપો અને તેની સંભાળ લો. જેથી તમારા પ્રેમામૃતના પ્રભાવથી તે લીલોછમ બનીને ખીલી ઊઠે અને આનંદનું ધામ બનીને તમને તથા બીજાને આનંદ ધરે. આ ઉત્તમ કામમાં વિલંબ ના કરો.''

આ બન્ને પ્રસંગ શ્રીયોગેશ્વરજીના વ્યક્તિત્વના દ્યોતક છે.

(આ ઘટના શ્રી યોગેશ્વરજી સાધના કરતા તે સમયની છે.—તંત્રી)

વિવેકના વધારાથી સુખ છે, ને અવિવેકથી દુઃખ છે.
**આ દિવસો પણ ચાલ્યા જશે.**
**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
**મોરબી**—૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# મહાત્માશ્રી યોગેશ્વરજી—એક મહામાનવ

**નારયણ હ. જાની**

જીવનમાં કોઇ સંત પુરુષનું સાનિધ્ય તમને સાંપડ્યું હોય તો માનજો કે તમે ભાગ્યશાળી છો. એથી વિશેષ એમનો અંગત પરિચય અને એમની કૃપા મળી હોય, એમનું આંતરિક જીવન ને સાધના જોવા મળ્યાં હોય, જેમાંથી તમોને પ્રેરણા પ્રાપ્ત થઇ હોય, તો સમજજો કે તમે ખરેખર સુસંસ્કારનો વારસો લઇ આવેલા જીવ છો.

મારા જીવનમાં મને બાળપણથીજ કહો કે શાળાના વિદ્યાભ્યાસકાળથી જ પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું જે જીવનનાં અડધી સદી જેટલાં વર્ષો એકધારી રીતે ટક્યું—સને ૧૯૩૪ થી ૧૯૮૪ સુધી.

વિદ્યાભ્યાસકાળના એ શ્રી ભાઈલાલ મ. ભટ્ટ, જીવનમાં વિવેક, વૈરાગ્ય, તપ ને તિતિક્ષાનો આશ્રય લઇને, સાધનાક્ષેત્રે પ્રગતિ કરતા કરતા એક સિદ્ધ યોગી, સંત કે મહાત્માના સુમેરૂ શિખર પર કેવી રીતે આરૂઢ થયા તે સઘળું જીવન નિહાળવાની તક પ્રભુએ મને આપી. એથીય વિશેષ એમના જીવનના સાધાનાત્મક દિવસોના સાક્ષી બનવાનું, એમના અંગત જીવનનાં વિવિધ પાસાં જોવાનું અને એમનામાં રહેલા એક મહામાનવના કે સંત સાધુ તરીકેના સર્વોત્તમ ગુણો નિહાળવાનું—અને એમને સમજવાની શક્તિ પ્રભુએ આપી, એ પરમશક્તિનો હું ખરેખર અહેસાનમંદ છું.

મહાત્મા યોગેશ્વરજી એ વીસમી સદીની એક સર્વોત્કૃષ્ટ વિભૂતિ હતા. એની પ્રતીતિ એમની કૃપાથી મને થઇ, તેનું થોડું

દર્શન આ નાનકડા લેખમાં કરાવવાનો મારો નમ્ર પ્રયાસ છે.

ઘણીવાર આપણે જે માનવોને મહાન માનતા હોઇએ છીએ, તેમનામાં ખરેખર સંપૂર્ણ મહાનતા નથી હોતી. વ્યાસપીઠ ઉપરથી ઉપદેશ આપતા ઘણા મોટા સંતો કે મહાત્માઓ તેમના અંગત જીવનમાં અનેક નબળાઈઓ કે એષણાઓના ભોગ બનેલા જોવા મળે છે, કારણ કે એમની વાણી, ને વ્યવહાર વચ્ચે એકસૂત્રતા નથી હોતી. એમનાં જીવન સરલ કે સાદાં નથી હોતાં. ભક્તો કે સાધકો સમક્ષ ઉપસ્થિત થતા એ સંતોનાં જીવન વિભાજિત હોય છે. જાહેર સ્થળે એમનું જે મહોરૂં જોવા મળે છે, તેનાથી એમનું અંગત જીવન તદ્દન જુદું હોય છે.

પ. પૂ. મહાત્માજીને વર્ષોથી ખૂબ નજીકથી જોવાનો, સાથે રહેવાનો અને એમની સાધના વિષે વિચારવાનો અવસર મને મળ્યો છે. એટલે હું ખાત્રીપૂર્વક કહી શકું છું કે તેમનું અંગત જીવન ખૂબ સાદુ, વ્યવહારે ખૂબ સરલ અને ધન, ધરા, સંપત્તિ કે પદ પ્રતિષ્ઠાની મોહિનીથી સંપૂર્ણ મુક્ત એ મહામાનવ હતા.એ જેવું કહેતા, એવું જ જીવતા—અથવા જેવું જીવતા એવું જ કહેતા. આમ વાણી અને વ્યવહારની સંપૂર્ણ એકરાગતા તેઓમાં જોવા મળતી.

એમનામાં કદી કોઇ આડંબરનો અંશ પણ દેખાતો નહિ. મોરબીમાં એક પ્રસંગે શહેરના પ્રતિષ્ઠિત ન્યાયાધીશ, એઓશ્રીને રાતે ણળવા આવવાના હતા. પૂ. શ્રીનો એક નિયમ કે દિવસે ધોતિયું પહેર્યું હોય તેને લૂંગી કરી વીંટી લે. પૂ. માએ કહ્યું ‘‘આજે ન્યાયાધીશ મળવા આવવાના છે ત્યાં સુધી ધોતિયું એમજ રહેવા દો, તો સારું લાગે.’’

પૂ. શ્રીએ કહ્યુંઃ ‘‘એથી શો ફરક પડે? ન્યાયાધીશ સાહેબ



મને મળવા આવે છે, નહિ કે મારા પોષાકને જોવા. આપણે જેવા છીએ, એવા જ ભલે એ જોતા.’’ પછી હસતાં હસતાં ઉમેર્યું ‘‘ગયા જન્મમાં તો અમે ધોતિયું ખભે નાંખી ફરતા એના કરતાં તો આ સારું છેને?’’ અને બન્ને હસી પડ્યાં.

પૂ. શ્રીને ભારતમાં કે ભારત બહાર ઘણા મોટા કે શ્રીમંત માણસો મળવા આવતા. ત્યારે પણ પૂ. શ્રી એક સામાન્ય સાધક સાથે જેવો વ્યવહાર કરતા; તેવો જ એમનો વ્યવહાર પેલા મોટા કે ધની માણસો સાથે પણ રહેતો.

જાન્યુ. ૮૪માં પૂ. શ્રી જયપુરમાં હતા. ત્યાંના રાજવી એમને સવારના સમયમાં મળવા આવ્યા. પૂ. શ્રી પોતાનો સવારનો સમય લોકસંગ્રહની ભાવનાથી પોતાનું લેખનકાર્ય કરવામાં ગાળતા. એમાં ભાગ્યે જ અપવાદ કરતા. એમણે એ રાજવીને જણાવ્યું કે આપને કદાચ ખબર નહિ હોય, પણ અમે સવારે કોઇને મુલાકાત આપતા નથી. અત્યારે અમારો લેખનનો સમય ચાલે છે. એટલે આપને મળવું હોય તો બપોરના મુલાકાતના સમયે જરૂરથી આવજો.

એ સુજ્ઞ રાજવી પૂ.શ્રીની વાત સમજી ગયા. એમને પગે લાગીને તે વખતે ચાલ્યા ગયા ને ફરી મુલાકાતના સમયે મળવા આવ્યા. આમ રાય અને રંક પ્રત્યે એમનો વ્યવહાર સમાન જોવા મળતો. અમદાવાદના સકલ એપાર્ટમેન્ટના સત્યપથમાં એક મેલાંઘેલાં કપડાંવાળો મજૂરભાઇ પૂ.શ્રીને મળવા ને શંકાનું સમાધાન મેળવવા આવતો. એના કપડાં એની આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ આપતાં. આમ છતાં એનામાં ઘણો સારો ભાવ ને આધ્યાત્મિક સમજ હતાં. એટલે પૂ.શ્રી એને આદરથી આવકાર આપતા અને બધા સન્માનિત ગૃહસ્થો સાથે બેસાડતા

એટલું જ નહિ પણ એને અચૂક પ્રસાદ આપતા.

પૂ.માએ એનાં પત્નીને એક સુંદર સાડીની ભેટ પણ આપેલી.

સત્યપથમાં સાધકો જે કંઇ પ્રસાદ લાવતા, તેનો મોટો ભાગ પૂ.શ્રી ત્યાં કામ કરતા મજૂરોને આપતા. તેઓ કહેતા કે આ બીચારા લોકો સફરજન, દ્રાક્ષ કે મીઠાઇ પોતાના પૈસા ખર્ચીને જીવનમાં ક્યારેય ખરીદી શકવાના નથી. એટલે એમને આ પ્રસાદ આપીએ.

પૂ.શ્રીનો એ નિયમ હતો કે તેઓ જ્યાં પણ ઉતર્યા હોય, ત્યાં કામ કરતા માણસો પ્રત્યે ખૂબ સદ્ભાવ બતાવતા. પ્રસાદ આપતા એમની સાથે પ્રેમમય વ્યવહાર કરતા ને એમનાં સુખદુઃખ પૂછતા ને નીકળતાં એમને થોડી બક્ષીસ પણ આપતા. દીનદુઃખીઓને જોઇ એમનું હૃદય દ્રવી જતું. એ કોઇનુંય દુઃખ જોઇ શકતા નહિ. એમના હૃદયમાંથી પ્રેમ અને કરુણાનું ઝરણું સતત વહેતું રહેતું.

પૂ.શ્રીએ પોતાના સાધનાકાળ દરમ્યાન ઘણું કષ્ટ ઉઠાવેલું. જીવનમાં અયાચક વ્રત તેઓ પાળતા, એટલે ઘણાય પ્રસંગોએ પાસે ખાવાનું ન હોય તો કેવળ પાણી પીને દિવસો પસાર કરતા; પરંતુ પોતાનો હાથ લંબાવતા નહિ. એ એમ માનતા કે આજે પ્રભુની ઇચ્છા આપણે ભોજન ન કરીએ એવી હશે; નહિ તો તે કોઇનેય પ્રેરણા કરીને સહાય પહોચાડવાને સમર્થ છે.

પૂ.શ્રી ખૂબજ જાગ્રત ને વિચારશીલ વ્યક્તિ હતા. એ પોતાના જીવનનો વ્યવહાર ખૂબ સમજપૂર્વક કરતા. એમના હરેક નાના મોટા વ્યવહારની પાછળ એમની જીવનદૃષ્ટિ અને ધ્યેયનિષ્ઠાનું દર્શન થતું. એ કહેતા કે સાધકે નિયમોનું પાલન



ચુસ્ત રીતે કરવું જોઇએ. પ્રલોભનો સાથે માનસિક સમાધાન કરી લેવાનું એમના સ્વભાવમાં જ ન હતું.

ધન કે સ્ત્રીની મોહિની એમને કદી પણ સ્પર્શી શકી ન હતી. તેઓના દિલમાં સ્ત્રીઓ પ્રત્યે ઘણો સમભાવ હતો અને સમાજમાં પ્રવર્તતી સ્ત્રીઓ પ્રત્યેની વિષમતાથી એમનું હૃદય કરુણાસભર બની જતું. છતાં તેઓ બહેનોને સામાજીક અન્યાયો પ્રત્યે સંઘર્ષ કરવાને બદલે આત્મિક સાધનાના માર્ગે આગળ વધવા માટે, વિષમ પરિસ્થિતિઓમાંથી માર્ગ કાઢવા સમજાવતા. તેઓ કહેતા કે આજની પરિસ્થિતિ એ આપણાં પૂર્વ કર્મોના ફળસ્વરૂપ છે. એમાંથી માર્ગ કાઢવા આપણે ઈશ્વરને સાચા ભાવથી પ્રાર્થના કરતા રહેવું જોઇએ. એ સર્વાંતર્યામી આપણી પ્રાર્થના અવશ્ય સાંભળશે.

વર્ષો પહેલાં એક બહેન પૂ.શ્રી પાસે માનસિક શાંતિ માટે પ્રાર્થના—જપ અંગે માર્ગદર્શન માંગવા આવ્યાં. પૂ.શ્રીએ તેમને જપ પ્રાર્થના કરવાની વિધિ બતાવી ને ઓછામાં ઓછું અર્ધો કલાક કરવા સૂચના આપી.

પંદર દિવસ પછી તે બહેન ફરી પાછાં આવ્યાં ત્યારે તેઓ ફરિયાદ કરવા માંડ્યાં કે ''માહાત્માજી, આપે બતાવેલ પદ્ધતિ પ્રમાણે જપધ્યાન કરવાથી મારી માનસિક શાંતિ નષ્ટ થઇ ગઇ છે, કારણ કે મારા પતિને હું આવું કરું તે બિલકુલ ગમતું નથી.''

પૂ.શ્રીએ પૂછ્યું, 'તમે ક્યારે પ્રાર્થના ને જપ કરવા બેસો છો?'

એમણે કહ્યું 'સવારે સાત વાગે.'

''તમારા પતિ ક્યારે ઊઠે છે?''

'તેઓ પણ તે વખતે ઊઠે છે.'

"તો એમને ચા પાણી પીવાની ટેવ છે?"

"છે જ ને. નાસ્તો પણ જોઈએ."

"તમે પ્રાર્થના ને જપ કરવા બેસો તો તેમને ચા પાણી નાસ્તો કોણ આપે?"

"એટલે જ તો તેઓ ગુસ્સે થાય છે. તેઓ કહે છે આ ભક્તિવેડા છોડ ને સવારમાં અમારી જરૂરિયાતનું ધ્યાન રાખ."

પૂ.શ્રીએ તુરત જ કહ્યું, "બેન, તેમની વાત તદ્દન સાચી છે. તમારે તેમની જરૂરિયાતો ચા પાણી અને જમવાની સમયસર પૂરી કરવી જોઈએ. તમારે જપ, ધ્યાન કે પ્રાર્થના કરવાં હોય તો સવારે તેઓના ઊઠતાં પહેલાં તે પૂરું થાય તે રીતે વહેલાં ઊઠીને કરો અથવા તો, તેઓ જમી પરવારીને પોતાના ધંધે જાય, પછી શાંતિથી તમારાં જપધ્યાન કરો. તે વખતે તમને કોઈ ના નહિ પાડે. પરિસ્થિતિમાંથી યોગ્ય માર્ગ કાઢવાની મારી વાત આ સંદર્ભમાં મેં કહી હતી. આવા કાર્ય માટે કદી સંઘર્ષમાં ન આવવું હિતાવહ છે, નહિ તો એનાથી તમારી અને બીજાઓની અશાંતિનો પાર નહિ રહે અને તમે અપ્રિય થઈ પડશો. શક્ય હોય તો તમે આવું સાધનભજન કરો છો, તે ગુપ્ત રહે તે રીતે કરો, જેથી ઘરનાં માણસોમાં ધાર્મિકવૃત્તિ ન હોય, તો તમારા વિષે ખોટા ખ્યાલો ન બાંધે."

પૂ.શ્રીના આ શબ્દો, તેઓ કેટલા બધા વ્યવહારકુશળ હતા, તેનું દર્શન કરાવે છે.

પૂ.શ્રી હંમેશ કહેતા કે "તમારી જે સાંસારિક જવાબદારી છે, તે સારી રીતે અદા કરો. તેને તરછોડીને તમે પ્રગતિ નહિ કરી શકો. જ્યારે એમાં ખૂબ આગળ વધશો, પછી તાડનાં



નીચેનાં પાન જેમ તે ઊંચું વધે તેમ તે ખરી પડે છે, તેમ સાંસારિક પ્રવૃત્તિની વૃત્તિઓ પણ સહજ રીતે ત્યજાઈ જશે, પરંતુ પરમાત્મા માટેની અનન્ય ભક્તિ જાગ્યા પહેલાં તે શક્ય નથી."

પૂ.શ્રીની વિશેષતા એ હતી કે તેઓમાં જ્ઞાન અને વિવેકની જ્યોત્ સદાય પ્રજ્વલિત જણાતી. તેઓ હંમેશ—હરક્ષણે આત્મભાવમાં પ્રતિષ્ઠિત રહેતા એટલે તેઓની હરેક પ્રવૃત્તિમાં જ્ઞાનપૂર્વકના આચરણનું દર્શન થતું. તેઓ ખાતા હોય કે ફરતા હોય, લખતા હોય કે બોલતા હોય, તેઓનું માનસિક અનુસંધાન સતત રીતે 'મા જગદંબા' સાથે રહેતું.

થોડાં વર્ષો પહેલાં એકવાર હું પૂ.શ્રી સાથે જમવા બેઠેલો; જમવામાં મિષ્ટાન્ન હતું. પૂ.શ્રીએ પહેલાં ભાત માગ્યો. ને તે ખાઈ લીધો. પછી થોડું મિષ્ટાન્ન ખાધું. મેં પૂછ્યું, "મહાત્માજી, ભાત શું કરવા પહેલાં ખાધો?"

તેઓએ તુરત જ કહ્યું. "મનુષ્યનું મન જે ભાવતું હોય તે વધારે ખાવા લલચાય છે. એટલે પહેલાં રોજના નિયમ પ્રમાણેનો ભાત ખાય લીધો. બાકી ભૂખ પ્રમાણે પછી મિષ્ટાન્ન ખાધું. એ બરાબર કે નહિ?" કેવી સરસ જાગૃત્તિ!

પૂ.શ્રી હંમેશ કહેતા કે હું મારા કામ સમયબદ્ધ રીતે કરું છું, એટલે મારે કદી ઉતાવળ કરવી પડતી નથી. હું કદીપણ ખાવામાં, બોલવામાં કે ચાલવામાં ઉતાવળ કરતો નથી. ઉતાવળ ને ધમાલ તો એ લોકને કરવી પડે છે, જે વ્યવસ્થિત નથી હોતા ને પોતાનું કામ સમયસર અને પદ્ધતિસર નથી કરતા.

લગભગ ત્રીસેક વર્ષો પહેલાંનો આ પ્રસંગ છે. પૂ.શ્રીને મારા ગામે તેડી જવા હું તેઓના ગામ સરોડા ગયેલો. તે વખતે સરોડાથી બસ ખાસ મળતી નહિ, પરંતુ નવા ગામથી મળતી.

સરોડા અને નવા ગામ વચ્ચે સાબરમતીનો વિશાળ રેતાળ પટ આવેલો છે. ત્યારે સાબરમતી ઉપર અહીં પુલ ન હતો. અમે ચારેક ભાઈઓ પૂ.શ્રી સાથે સરોડોથી નવા ગામ આવવા નીકળ્યા. છેક નવા ગામ પાસે પહોંચ્યા તો બસ ઉપડવાની તૈયારી હતી. અમે આગળ ચાલતા હતા, એટલે દોડીને બસમાં બેઠી ગયા અને પૂ.શ્રી પાછળ ધીમે પગલે આવતા હતા, તેમને જલ્દીથી આવવા બૂમ પાડી ત્યાં તો બસ કન્ડકડરે બસ ઉપાડી લીધી. અમે મૂંઝાયા. એને બસ ઊભી રાખવા વિનંતિ કરી; પણ એણે અમારી વાત ન સાંભળી. એટલે અમે બસમાં આગળ જઈ ડ્રાઈવરને વિનંતિ કરી કહ્યું, અમારા મહાત્માજી પાછળ આવે છે, આપ બે મિનિટ બસ ઊભી રાખો.

ડ્રાઈવરે પાછળ નજર કરી તો પૂ.મહાત્માજી ધીરે પગલે સડક ઉપર આવતા દેખાયા. કોણ જાણે ડ્રાઈવરે અમારી વિનંતિ માન્ય રાખી એટલું જ નહિ, પણ પૂ.શ્રીની તરફ રીવર્સમાં બસ પાછી લીધી, ને પૂ.શ્રી બેઠા પછી ઉપાડી. અમને ખૂબ આનંદ થયો.

પૂ.શ્રીએ કહ્યું, આ બસમાં કદાચ ન જવાયું હોત, તો એનું દુઃખ શું? કલાક દોઢ કલાક પછી બીજી બસ મળત. આપણે તો અહીં બેઠાં બેઠાં પ્રભુ સ્મરણ કરીએ છીએ તે બસ સ્ટેન્ડ ઉપર બેઠાં બેઠાં કરત. આખરે પ્રભુની ઈચ્છા પ્રમાણે બધું થાય છે એની ઈચ્છા જ સર્વોપરી છે, પછી બસ જતી રહે તો એનું દુઃખ શું? અમે કદી કોઈ કામમાં ઉતાવળ કરતાં નથી. અમારું આખુંય જીવન અમે પ્રભુને સોંપી દીધું છે, પછી અમારે ચિંતા કેવી?

પોતના જીવનની નાની મોટી ઘટનાઓમાં પણ કેવો અજોડ સમર્પણભાવ પૂ.શ્રીમાં હતો, એનું દર્શન આ નાનકડા પ્રસંગમાં થાય છે.



પૂ.શ્રીના જીવનના આવા અનેક નાના મોટા પ્રસંગોનું આલેખન થઈ શકે કે જેમાંથી આપણને એમના જીવનના ઉત્તમ પાસાઓનું દર્શન થાય; પરંતુ સ્થળ સંકોચને લીધે ગંગાના પ્રવાહમાનું આ આચમન પૂરતું થઈ રહેશે, વાંચકો ક્ષમા કરે.

પૂ.શ્રી જેવા એક પૂર્ણ મહામાનવ આપણી વચ્ચે વસ્યા, જીવ્યા, સાથે ચાલ્યા ને આપણને પ્રેમ ને લાગણીથી અધ્યાત્મ માર્ગે દોરતા રહ્યા. છતાં આપણામાંથી કેટલા એમને યથાર્થ ભાવે ઓળખી શક્યા? જાણી શક્યા? મનુષ્યજીવનની એ કેવી કરુણતા! પ્રભુની કૃપા સિવાય સંતોને ઓળખી શકાતા નથી. એનું દર્શન આપણને આપણા જીવનમાંજ શું નથી થતું?

મંગલમયયાત્રા અમંગલમય જણાય ત્યારે સૃષ્ટિને નહિ, દૃષ્ટિને બદલવાની જરૂર છે, જે સૃષ્ટિને બદલીને સમાધાન શોધે તે ભૌતિકવાદી અને જે દૃષ્ટિને બદલીને સમાધાન શોધે તે અધ્યાત્મી. **— ભાણદેવજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ** તેમ જ **દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# ષટ્ચક્રો વિષે શ્રીરામકૃષ્ણ પરમહંસ

-નારાયણ હ. જાની

સાધનાના બે માર્ગ છે. એક જ્ઞાનનો અને બીજો ભક્તિનો. માનવજાતનો એ સામાન્ય અનુભવ એવો છે કે દરેક જીવનનો અંત હંમેશા મૃત્યુમાં આવે છે. એથી શક્ય છે કે ભક્તિ કરતાં વિવેકપૂર્વકના જ્ઞાનનું આચરણ પહેલાં કરવામાં આવતું હોય. જે કંઇ અનિત્ય છે તેનો વિવેકપૂર્વક અસ્વીકાર કરતાં કરતાં છેવટે જે નિત્ય છે, તેને પહોંચાય છે. તે જ આખરી સત્ય છે. ભગવાન બુદ્ધે પણ એમણે કરેલા માંદા, ઘરડાં અને મરણ પામેલાના દર્શન પછી, આ રીતે પોતાની શોધ આરંભી હતી. કારણ માનવનું જીવન અનિત્ય છે એની ઉપરોક્ત દર્શને એમને પ્રતીતિ કરાવી હતી. એટલે જ્ઞાન ને વિવેકના આ માર્ગને 'નેતિ નેતિ'ના નામથી(''આ નહિ, આ નહિ'') વર્ણવવામાં આવે છે. એનું કારણ એ છે કે આખરે આ દુનિયાની કોઇપણ ભૌતિક વસ્તુ કાયમી, કે નિત્ય તો નથી જ.

તો બીજી બાજુ ભક્તિનો માર્ગ 'આ છે, આ છે'—એનો છે. એનું કારણ એ છે કે ભક્ત દરેક વસ્તુમાં પ્રભુ રહેલો છે, એમ માને છે. એથી તે દરેકમાં એનું દર્શન કરે છે. આમ કહેવા છતાં એ પહેલાં જ્ઞાનીની સાથે અસમંત થાય છે એવું નથી. એ કોઇ દશ્ય વસ્તુને દશ્ય તરીકે પૂજતો નથી. પરંતુ એ દશ્ય વસ્તુની અંદર નિગૂઢ રહેલી સનાતન ચેતનાને પૂજે છે. આ બન્ને પંથના અનુયાયીઓ આપણને દુનિયાના બધા ધર્મોમાં જોવા મળે છે. એમની વચ્ચે જો કોઇ ફરક હોય તો તે કેવળ માનસિક વલણનો



છે. કેટલાક માણસોનો એ સ્વભાવ હોય છે કે બુદ્ધિવડે સત્યનો નિર્ણય કરે છે, જ્યારે બીજા કેટલાક પ્રેમવડે તેનો અનુભવ કરવા પ્રયત્ન કરે છે. આ બંને માર્ગો અસંખ્ય સ્ત્રી અને પુરુષોને પરમ સત્યની સાથે એકતાનો અનુભવ કરાવવા શક્તિમાન થયા છે. આખરે દરેક સાચા સાધકનું અંતીમ ધ્યેય તો આ પ્રકારની એકતાનો અનુભવ કરવાનું જ છે. બૌદ્ધો એને નિર્વાણ કહે છે. ખ્રિસ્તિઓ રહસ્યવાદી મિલન કહે છે, જ્યારે હિંદુઓ એને 'સમાધિ' તરીકે ઓળખાવે છે.

આ સમાધિ એ ચોથી અથવા તૂર્યાવસ્થા તરીકે ઓળખાય છે; કારણ કે તે જાગૃતિ, સ્વપ્ન કે સુષુપ્તિ ત્રણે અવસ્થાઓથી ભિન્ન છે. એ સમાધિ અવસ્થાને બહુ સ્પષ્ટ ભાષામાં વર્ણવવી એ ઘણું અઘરું છે; આજની દુનિયામાં એનો અનુભવ કરી ચૂકેલા જીવંત માણસેની સંખ્યા ખૂબ જ જૂજ છે. ક્રિસ્ટોફર ઈશરવુડે પોતે પણ એનો અનુભવ કરેલ નથી, પરંતુ જેઓએ એનો અનુભવ કર્યો છે તેઓને પણ પોતાના એ અનુભવનું વર્ણન શબ્દોમાં કરવું મુશ્કેલ લાગ્યું છે. એને માટે એવું કહી શકાય કે એ અનુભવની વસ્તુ છે, ભાષામાં એને વર્ણવી શકાય એમ નથી; કારણકે પાંચ ઇંદ્રિયો વડે મેળવેલા જ્ઞાનને જ શબ્દો રજૂ કરે છે, પરંતુ સમાધિ તો આ પાંચેય ઇંદ્રિયોથી અતીત એવો અનુભવ છે. જેમાં જ્ઞાતા અને જ્ઞેય(જાણવાની વસ્તુ) બન્ને એકરૂપ થઈ જાય એવી સંપૂર્ણ જ્ઞાનની—ઊંચામાં ઊંચી અવસ્થા છે. આ નિર્વિકલ્પ સમાધિ છે.આથી ઉતરતી કક્ષાની સવિકલ્પ સમાધિમાં—દ્વૈત ભાવ સંપૂર્ણ પણે નષ્ટ નથી થતો—એમાં જ્ઞાતા અને જ્ઞેય બન્ને અલગ અલગ અસ્તિત્વ ધરાવે છે—પરંતુ બન્ને જુદા પાડવા પાતળા કાચની તકતી જેવું છે. જે સાધકે સવિકલ્પ

સિદ્ધિ કરી છે તે પોતે ઇચ્છે તો નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશ મેળવવાને શક્તિમાન બને છે તે માટે તેણે પ્રયત્ન કરતા રહેવું જોઇએ.

બાહ્યદૃષ્ટિએ, સમાધિ એ બેભાન અવસ્થા લાગે; કારણકે એમાં અનુભવ કરનાર સાધક બાહ્ય દુનિયામાંથી પોતાની જાતને સંપૂર્ણપણે અંદર ખેંચી લે છે. એથી એનો ઘણીવાર ટ્રાન્સ(બેહોશી—બેશુદ્ધિ) તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે:પરંતુ ખરું પૂછો તો આપણી રોજિંદી સભાનતાની અવસ્થા કરતાંય તે કલ્પી ન શકાય એટલી વધુ ઘનિષ્ઠ જાગૃતિની અવસ્થા છે; તે બેશુદ્ધિ કરતાં તદ્દન ઉલટી છે. ટ્રાન્સનો મૂળ અર્થ ઘેન અથવા બેહોશીની અવસ્થા જેવો થાય છે.

થોડા ઘણા સાધકો જે આ સમાધિની અંતિમ સ્થિતિએ પહોંચી શકે છે, તેઓમાંના મોટા ભાગના એમના જીવનની પાછલી અવસ્થા કે મૃત્યુ સમયે પહોંચે છે. જ્યારે આપણે જોઇશું કે શ્રી રામકૃષ્ણ દેવ દિવસમાં એકવાર નહિ, પણ ઘણીવાર એ ભાવસમાધિમાં પ્રવેશતા અને તે પણ અનેક વર્ષો સુધી.

“તમે કહો છો કે ઘનિષ્ઠ ધ્યાનનો અભ્યાસ સમાધિની અવસ્થાએ પહોંચાડે છે, પરંતુ તે ખરેખર ત્યાં કેવી રીતે પહોંચે છે? વળી આ અવસ્થાની પ્રાપ્તિ દરમ્યાન એનામાં શું આંતરિક પ્રક્રિયાઓ થાય છે તેમ જ સંપૂર્ણ આધ્યાત્મિક જાગૃતિ તરફ દોરી જતાં ક્યાં માનસિક અને શારીરિક પગથિયાં હોય છે?” વગેરે પ્રશ્નો વાંચકને ઊઠે તે સ્વાભાવિક છે.

ભારતીય આધ્યાત્મિક શાસ્ત્રપ્રમાણે શરીરની કરોડરજ્જુના નીચલા છેડા ઉપર પ્રખર આધ્યાત્મિક શક્તિનો ખજાનો આવેલો છે. એને કુંડલિની શક્તિ તરીકે ઓળખવામાં આવે છે. આ



શક્તિ ગુંચળાના આકારની હોવાથી એને અંગ્રેજી ભાષામાં ‘સરપન્ટ પાવર’(સાપના આકારની શક્તિ) કહેવામાં આવે છે. ભારતીય યોગીઓ આપણને કહે છે કે આપણામાંના મોટા ભાગના માણસો ભાગ્યેજ આ શક્તિનો ઉપયોગ કરે છેઃ એમાંની જો થોડી શક્તિ જાગ્રત થઇ હોય તો જાતીય વ્યાપારો અને શારીરિક ભૂખો સંતોષવામાં વેડફાઇ જાય છે. પરંતુ ધ્યાન અને બીજી આધ્યાત્મિક શિસ્તને પરિણામે કુંડલિની જ્યારે પૂરેપૂરી જાગ્રત થાય છે, ત્યારે કરોડરજ્જુનાં છ ચક્રોમાં ભેદી ઉપર ચઢીને—મસ્તિષ્કમાં આવેલા સાતમા સહસ્રદલ ચક્રમાં જઇ પહોંચે છે. કુંડલિની આ ઉપરનાં ચક્રોમાંથી પસાર થવાના પરિણામે, વિવિધ પ્રકારની અનુભૂતિઓ થવા માંડે છે. આ સમગ્ર પ્રક્રિયા કેવા પ્રકારની હોય છે, તે વિષે શ્રી રામકૃષ્ણદેવ પાછળથી કહેતા કેઃ—

યોગશાસ્ત્રમાં સુષુમ્ણા નાડીમાં સાત ચક્રોનો ઉલ્લેખ આવે છે. આ ચક્રો આંતરિક જાગ્રતિનાં દ્યોતક છે. માણસનું મન આમાંના કોઈના કોઇ ચક્રમાં વિહરતું રહે છે. માનવીનું મન જ્યાં સુધી ભૌતિક વસ્તુઓ પ્રત્યે આસક્ત હોય છે, ત્યાં સુધી તે આ સાતમાંના નીચલાં ત્રણ કેન્દ્રો કે ચક્રોમાં ફરતું રહે છે. આ ત્રણ ચક્રો અનુક્રમે—કરોડરજ્જુની નીચે મૂલધાર, જનનેન્દ્રિય અને નાભિમાં આવેલ છે, જ્યાં સુધી માણસનું મનન આ ત્રણ કેન્દ્રોમાં જ રમતું હોય છે, ત્યાં સુધી તેનામાં કોઇ મહત્ત્વાકાંક્ષા નથી જાગતી કે તેને કોઇ આંતરિક અનુભૂતિઓ થતી નથી. આવું મન સતત વાસના અને લોભની પ્રવૃત્તિઓમાંજ ડૂબેલું રહે છે.

આ પછીનું ચોથું ચક્ર હૃદયમાં આવેલું છે. માણસનું મન

જ્યારે આ ચોથા કેન્દ્રમાં પ્રવેશ પામે છે, ત્યારે માણસને એની આધ્યાત્મિક જાગ્રતિનો પ્રથમ અનુભવ થાય છે. એ વખતે એને પોતાની આસપાસ પ્રકાશની અનુભૂતિ થાય છે જે જોઇને એને ભારે આશ્ચર્ય થાય છે અને આનંદથી એ ચિત્કાર કરી બોલી ઊઠે છે, ''અરે કેવો અદ્‌ભુત આનંદ!''

આ કેન્દ્રમાં એકવાર મનનો પ્રવેશ થયા પછી તે ફરી નીચલાં કેન્દ્રો તરફ સામાન્ય રીતે જતું નથી.

પાંચમું ચક્ર કંઠમાં આવેલું છે. આ કેન્દ્રમાં જ્યારે મન પ્રવેશ કરે છે, ત્યારે સાધકનાં અજ્ઞાન અને માયાનાં આવરણો હટી જાય છે. એનું મન એવું તો પવિત્ર થઇ જાય છે કે ભગવાન સિવાયની બીજી કોઇ વાત એને કહેવી કે સાંભળવી ગમતી નથી.

છઠ્ઠુ ચક્ર બે ભ્રમરો વચ્ચે આવેલું છે. જ્યારે સાધકનું મન ત્યાં સ્થિર થાય છે ત્યારે એને દિવસ ને રાત, ઈશ્વરનું દર્શન થયાં કરે છે. આમ છતાં એનામાં હજુ થોડા સાત્ત્વિક અહંનો અંશ જણાય છે. તે દર્શન ફાનસમાંની દીવાબત્તી જેવું હોય છે. સાધકને લાગે છે કે એને સ્પર્શ કરી શકાશે, પરંતુ એમ થઇ શકતું નથી, કારણકે વચ્ચે ફાનસના કાચની જેમ આવેલું સૂક્ષ્મ આવરણ એને અટકાવે છે,

જ્યારે સાધકનું મન આ છ ચક્રો ભેદી મસ્તિષ્કમાં રહેલા સહસ્ત્રદલ ચક્રમાં પ્રવેશ કરે છે, ત્યારે સમાધિની પ્રાપ્તિ થાય છે. તે પછી સાધક બ્રહ્મનો જાણકાર જ નહિ, પરંતુ બ્રહ્મ સાથે જોડાઇ તેની સાથે એકરૂપ થઇ જાય છે.

શ્રી રામકૃષ્ણદેવ જે લોકો સમક્ષ આ ચક્રોની વાતો કરતા તેઓ વત્તાઓછા પ્રમાણમાં ભારતીય યોગશાસ્ત્રની દૃષ્ટિએ



શરીરશાસ્ત્રના જાણકાર હતા. છતાં અહીં ઉલ્લેખ કરવો ઉચિત સમજું છું કે કરોડરજ્જુમાં બે પ્રકારની નાડીઓ આવેલી છે. એમને ઈડા અને પીંગળા કહેવામાં આવે છે. ઈડા કરોડરજ્જુની ડાબી બાજુ પર છે, જ્યારે પીંગળા જમણી બાજુ. આ સિવાય કરોડરજ્જુના વચલા ભાગમાં જે માર્ગ છે, તેને સુષુમણા કહેવામાં આવે છે. સાધકની કુંડલિની જ્યારે જાગ્રત થાય છે ત્યારે સુષુમણાના આ માર્ગે ઊંચે ચઢવા માંડે છે. બીજા ભૌતિકવાદી લોકોના સંબંધમાં આ માર્ગ બંધ જ રહે છે. શ્રી રામકૃષ્ણદેવ આ ચક્રોનાં સ્થાનો અંગે જ્યારે શરીરનાં નાભિ, હૃદય કે ગળાનો ઉલ્લેખ કરે છે, ત્યારે એમ કરવા પાછળનો એમનો હેતુ આ ચક્રોનાં શરીરમાં સ્થાનો ક્યાં આવેલાં છે, તે અડસટ્ટાથી બતાવવાનો છે. ખરું જોતાં, આ ચક્રો સુષુમણાની અંદરજ આવેલાં છે.

આ ચક્રોનો ઘણીવાર કમળો તરીકે હિંદુ યોગશાસ્ત્રોના ગ્રંથોમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે, એનું ખરું કારણ એ છે કે સાધક જ્યારે સાધનાના પરિમાણે આ ચક્રો જોવા શક્તિમાન થાય છે, ત્યારે એમનો આકાર કમળ કે પદ્મ જેવો દેખાય છે. આ ચક્રો કોઇ સ્થૂળ સ્વરૂપનાં અંગો છે, એમ રખે કોઇ માને. આથી ઉલટુ એ યાદ રાખવું જોઇએ કે હિંદુ ધર્મગ્રંથોમાં શરીરનાં આ ચક્રો સૂક્ષ્મ છે કે સ્થૂળ એવો ભેદ પાડેલો નથી. એ તો માત્ર પ્રમાણ ભેદનો પ્રશ્ન છે.

**(ક્રીસ્ટોફર ઈશરવુડના આધારે)**

(Ramkrishna and his diciples **માંથી**)

# શ્રી યોગેશ્વરજી—ધર્મ અને સાહિત્ય ક્ષેત્રે એક વિરલ વિભૂતિ

સંકલનઃ—નારાયણ હ. જાની

(આ લેખ ઘણાં વર્ષો પહેલાંનો છે તેમાં તે સાહિત્યકારનું પૂ.શ્રીના લખાણો અંગેનું દૃષ્ટિબિંદુ રજુ થયું છે, જે આજે પણ એટલું જ પ્રસ્તુત છે. —તંત્રી)

પ.પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની પાંસઠમી જન્મજયંતિ નિમિત્તે યોજાયેલ ખાસ કાર્યક્રમમાં અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા ગુજરાતી ભાષાના સાક્ષર ડો. રમણભાઈ જોષીએ જણાવ્યું હતું કે પ.પૂ.શ્રી યોગેશ્વરજીનો પરિચય મને તેઓના ‘‘શ્રેય અને સાધના’’ પુસ્તક દ્વાર થયો હતો. ૧૯૬૩ના વર્ષના ગુજરાતી સાહિત્યની સમીક્ષા કરતાં મારા હાથમાં આ પુસ્તક આવ્યું. એ વાંચીને હું એમના પ્રત્યે આકર્ષાયો.

‘‘વ્યક્તિના જીવન અને ભાવોનું દર્શન વ્યક્તિના લખાણમાં અવશ્ય પ્રતિબિંબત થાય છે. એ ન્યાયે પૂ.શ્રી યોગેશ્વરજીને મળવાની ઈચ્છા થયેલી. પછી તો તેઓશ્રીનો પ્રત્યક્ષ પરિચય થયો અને તેઓશ્રીનાં ઘણાં બધાં પુસ્તકો મેં વાંચ્યાં છે. પરંતુ તે વખતે મેં પૂ.શ્રી ઉપરના મારા લેખનું શીર્ષક આપેલું એક ‘‘વિરલ વિભૂતિ’’પૂ.નીશ્રી આત્મકથા ‘‘પ્રકાશના પંથ’’નો ઉલ્લેખ કરતાં તેઓએ કહ્યું કે એ તો **સાધકોનું બાઈબલ** છે. હરકોઈ સાધકને જીવનમાં શું સિધ્ધ કરવાનું છે, તેનું માર્ગદર્શન ને પ્રેરણા તેમાંથી મળી રહે તેમ છે. વળી આ પરમ સત્યની શોધ માટે તેઓએ કેવાં કષ્ટો ઉઠાવ્યાં ને કેવી કઠોર સાધના કરી, તે દરમ્યાન સાધકને ભૂલભૂલામણીમાં નાંખી દેતી કેવી સિદ્ધિઓ આવે છે, તેની જાણકારી એમની આત્મકથામાંથી મળે છે.’’



‘‘આપણને આ મહાપુરુષ માટે માન એટલા માટે થાય છે કે પરમ તત્ત્વને પામવાની ઉત્કટતા કેવી હોવી જોઈએ, પોતાના જીવન લક્ષ્ય ઉપર—ધ્રુવ તરફ કેવી સતત નજર તેઓ રાખતા રહ્યા છે, અને પરમ સિદ્ધિ કેવી સાધનાના અંતે મળે છે, તે સર્વનું દર્શન પણ એમના જીવનમાં યથાર્થ જોવા મળે છે.

એમના જીવનની સૌથી મહત્ત્વની વાત હોય તો તેઓ કોઈ મતમતાંતરમાં બદ્ધ ન થયા એ છે. તેઓએ બધી સાધના પ્રણાલિઓનું મૂળ તત્ત્વ ગ્રહ્યું અને પોતાના અનુભવના આધારે પોતાની સ્વકીય વિધેયાત્મક ધર્મ દૃષ્ટિ અને સરળ સાધન પ્રણાલિ વિકસાવી. સમગ્ર પ્રજાને સન્માર્ગે વાળવામાં ઘણો મોટો ફાળો સાધુસંતો આપતા હોય છે. પૂ.શ્રી યોગેશ્વરજીએ આપણા વિપુલ ધાર્મિક સંસ્કૃત સાહિત્યને ગુજરાતી ભાષામાં અનુવાદિત કરીને એક મોટી યુનિવર્સિટી જેટલું કામ કર્યું છે. એ ભાષાંતરો તથા મૌલિક ધાર્મિક સાહિત્ય દ્વારા તેઓએ પોતાનો ઉજ્જવળ આધ્યાત્મિક સંદેશ સહુને પહોંચાડ્યો છે; જે આવતી અનેક પેઢીઓ સુધી લોકોને પ્રેરણાના પીયૂષ પાતો રહેશે. તેઓ સાચા અર્થમાં એક સમન્વયકારી જ્ઞાની સંત હતા.

શ્રી યોગેશ્વરજીના પ્રાકટ્યદ્વારા સંત પરંપરામાં ઉદ્રેક આવ્યો તે મહત્ત્વનું છે. તેઓએ પરા અને અપરા વિદ્યાઓ વચ્ચેનો ભેદ પોતાના જીવનમાં આચરી બતાવ્યો. જેનાથી અક્ષર બ્રહ્મની સાચી ઓળખાણ થાય તે પરા વિદ્યા. વળી જે જાણ્યા પછી કંઈ પણ જાણવા જેવું શેષ ન રહે, તેજ સાચી પરબ્રહ્મની ઓળખ. અનુભૂતિવાળા સંત માટે જ કહેવાયું—છે કે ‘‘શાંતિ પમાડે તેને રે સંત કહીએ’’

આ બધાનું પ્રત્યક્ષ દર્શન પૂ.શ્રી યોગેશ્વરજીના જીવનમાં આપણને થાય છે.

પૂ.શ્રી યોગેશ્વરજીએ સાચી આધ્યાત્મિકતા શું કહેવાય, તેની સરસ સમજ આપી, ઘણુ ગંજાવર ને માતબર કામ કર્યું છે, કહો કે એ રીતે તેઓએ આધ્યાત્મિક ક્ષેત્રે સાચું નેતૃત્વ કે ગુરુપણું પૂરું પાડ્યું છે.

પ્રારંભમાં તેઓશ્રીએ કહ્યું કે આજે—પંદરમી ઓગસ્ટે યોગાનુયોગ—ત્રણ વસ્તુઓ એક સાથે ભેગી થઈ છે; ભારતનો સ્વાતંત્ર્યદિન, યોગી શ્રી અરવિંદનો જન્મદિન અને મહાત્મા શ્રી યોગેશ્વરજીનો પણ જન્મદિન. આ કાંઈ કોઈ અકસ્માત્ નથી; પરંતુ તેની પાછળ ગૂઢ રહસ્ય રહેલું છે. આ બન્ને મહાપુરુષોએ ભારત અને ભારતની બહાર લોકોને અધ્યાત્મ ભાવનાથી રંગવાનું ને દેશમાં સાચી ધાર્મિકતાના મૂળિયાં ઊંડાં નાંખવાનું અદ્‌ભુત કાર્ય કર્યું છે.

પ.પૂ. મા શ્રી સર્વેશ્વરી આજે એમના એ કાર્યને આગળ ધપાવવા માટે તપ કરી રહ્યાં છે. પ્રભુ, એમને એમના પયત્નમાં સફળતા આપે, એ પ્રાર્થના સાથે પૂ.શ્રી ને શ્રદ્ધાંજલિ અર્પણ કરી, મારું વર્ક્તવ્ય પૂરું કરું છું.

શરૂમાં શ્રી વાસુદેવભાઈ મહેતાએ ડો. શ્રી. રમણભાઈ જોષીનો પરિચય આપતાં જણાવ્યું કે તેઓ ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષા વિભાગના અધ્યક્ષ છે, એટલુંજ નહિ પણ ગુજરાતી સાહિત્ય પરિષદના પણ ઉપપ્રમુખ છે. ૧૯૬૩ની સાલમાં પ્રકટ થયેલાં ગુજરાતી ભાષાનાં પુસ્તકોની સમીક્ષા કરતાં તેઓએ પૂ.શ્રી યોગેશ્વરજીનું શ્રેય અને સાધના પુસ્તક વાંચી કોઈપણ પ્રકારના પ્રત્યક્ષ પરિચય વગર તેઓને એક વિરિલ વિભૂતિ તરીકે ઓળખાવ્યા.



# શાંતિ અને સુખ

રમણ મહર્ષિ

**ભક્ત :** હું શાંતિ કેવી રીતે મેળવી શકું? આત્મવિચાર દ્વારા મને તે મળે તેમ લાગતું નથી.

**મહર્ષિ :** શાંતિ એ તમારી સ્વાભાવિક દશા છે. એ સહજ દશામાં દખલ કરનાર મન છે. તમારો વિચાર માત્ર મનમાં જ ઘડાયો છે. મન શું છે તે શોધી કાઢો અને તે અદશ્ય થઈ જશે. વિચારથી ભિન્ન મન જેવી કોઈ વસ્તુ જ નથી. આમ છતાં, વિચારના ઉદ્‌ભવને કારણે, તમે એવી કોઈ વસ્તુની કલ્પના કરો છો કે જેમાંથી તે ઉદ્‌ભવે છે અને તેને મન કહો છો. એ મન શું છે તે જોવાને જ્યારે તમે તલ્લીન થશો ત્યારે તમને માલૂમ પડશે કે વસ્તુતઃ મન જેવી કોઈ વસ્તુ જ નથી. આ રીતે જ્યારે મનનો નાશ થાય છે, ત્યારે તમને શાશ્વત શાંતિ મળે છે.

**ભક્ત :** કવિતા, સંગીત, જપ, ભજન, સુંદર કુદરતી દશ્યોનું દર્શન, આધ્યાત્મિક શ્લોકોનું વાચન વગેરે દ્વારા, મનુષ્યને કેટલીક વાર સર્વવ્યાપી એકતાની સાચી ભાવનાનો અનુભવ મળે છે. ઊંડી આનંદપૂર્ણ શાંતિની એ ભાવના, (જેમાં જીવાત્માને સ્થાન જ નથી) ભગવાન જે હૃદય—પ્રવેશની વાત કરે છે તેના જેવી જ છે કે જુદી? તેનો અભ્યાસ ચાલુ રાખવામાં આવે તો વધારે ઊંડી સમાધિ પમાય ખરી? અને તેને પરિણામે અંતે સદ્‌વસ્તુનું પૂર્ણ દર્શન થાય ખરું?

(અનુસંધાન પાના ૬૧ પર)

# પ.પૂ. મા શ્રી સર્વેશ્વરીની નિત્યનોંધ

-મા સર્વેશ્વરી

**તા. ૨૮/૧૧/૦૭ મહાબળેશ્વર**

મહાબળેશ્વર હવાખાવાનું પ્રખ્યાત સ્થળ છે. જેને જેને સ્વચ્છ હવા ના મળે તે તે અહીં શુદ્ધ હવા ખાવા આવતા હશે.

મા શા માટે અહીં હવા ખાવા આવ્યાં? એનો કોઇ ચોક્કસ ઉત્તર નથી. સંસારીઓ ગુંગળાતા હશે એકધારા જીવનથી એટલે જરા મુક્ત મનની મોજ માણવા—અરે, સંસારથી ઉપરામ થઇને અરે નવપરણીત તો એકમેકનો વિશેષ પરિચય પામવા અહીં આવતા હશે.

મા તો શાંત એકાંત સ્થળની શોધમાં હતાં. મૌન—જપ—એકાંત. આ ત્રણ વાત મુખ્ય હતી. તો અહીં સર્વેશ્વરીના નાથ આ પર્વત પ્રદેશમાં લઇ આવ્યા. મંત્રજપથી દરેક જીવની અંદર હવા સ્વચ્છ થઇ જાય એટલે તેવા તેવા સાધકોને હવા ખાવા બીજે ના જવું પડે. સંસારી પણ અકળાઇ, ગુંગળાય, થાકે ત્યારે સ્વચ્છ હવા એને સંત પાસેથી મળી જાય. સત્સંગમાં સારી વાતો સાંભળીને જરા હળવો થાય. જરા અકળામણ ઓછી થાય. જરા સત્સંગની સ્વચ્છ હવાથી ઘરના સભ્યો કે સગાંસ્નેહી કે સમાજના સૌને ઉદાર દિલથી, પ્રેમથી, સમભાવથી મુલવતો થાય, એનું જ નામ હવા ખાવી.

એવી હવા ખાવા મા સાથે નવ ભાઇબેનો આવ્યાં છે. કેટલાક જપે છે, કેટલાક વાંચે છે, કેટલાક ફરે છે, કેટલાક સેવા કરે છે. સેવા કોની? પોતાની ને સૌની. પોતાની સેવા? હા. એકાંત, શાંત સ્થળ છે તો પોતે જ પોતાને ઘણા પ્રશ્નો પૂછી શકે.



પોતે કદી પોતાને મળતા નથી. તો અહીં આ શાંત સ્થળે પોતે જ પોતાને મળી લે. ને પોતાને હવે શું કરવું છે? કેવાં કેટલાં સત્કર્મો કે સાધના કરવી છે તેનું સમયપત્રક બનાવી દે. જાત સામે જીવી લઇને જાતને જીતી લેવાની આ તક છે.

મા મુંબઇથી મહાબળેશ્વરની યાત્રાના પરિશ્રમથી આજે નિવૃત છે. ગઇ કાલે જરા એનો પણ હરિમંચે પ્રવેશ હતો.

આજે તો સવારે શ્રી સાવિત્રીબેન, શ્રી નારાણદાસનું સહજ સ્મરણ થયું છે. તેમની વિશેષતા વાગોળી છે. તેમના પ્રસાદ સામે તેમનું મંગલ થાઓ એવું પણ પ્રભુ પાસે માગી લીધું છે. એ બન્નેની સાત્ત્વિક ઇચ્છા પૂર્ણ કરાવી સંપૂર્ણ આરોગ્ય ધરી પરમ મંગલ કરજો.

ગઇ કાલે દીપેશ, પ્રકાશભાઇ માની નિત્યનોંધ વાંચ્યા પછી માને મળ્યા છે. નિત્ય નોંધમાંથી ઘણું ઘણું પામ્યાનો એમને સંતોષ છે.

પ્રકાશદર્શનની અનુભૂતિ વિશે ચર્ચા થતાં માએ ઘણા અનુભવો એમને સામેથી સંભળાવ્યા છે. અનુભૂતિની મોજમાંથી કોઇ કોઇ વાર જિજ્ઞાસુ સામે થોડોક પ્રસાદ સહજ રીતે શ્રી હરિ પીરસતા રહે છે. કદાચ જેને એવી અનુભૂતિ સાંભળી શ્રદ્ધા વધતી હશે તેવાને શ્રી હરિ આવો પ્રસાદ પીરસે છે.

અનુભૂતિઓ ઘણી થઇ છે. છતાં શ્રી હરિએ એક પણ ફ્લેગ સ્ટેશને સાધનાની ગાડી અટકાવી નથી.

કર્પૂરવનના કાલીમંદિર પરિવારના શ્રી તુલશીનાના અમારા મૌન મંદિરના અનુભવો સાંભળીને કહેતા, આ બધાં ફ્લેગ સ્ટેશનો છે. આગળ જાવ, આગળ જાવ.

કેવી સરસ વાત તેઓ કરતા! કારણ તેઓ એક સારા સાધક

હતા. કાલીમંદિર પરિવારના જ તે સભ્ય. માથી તો ઘણા મોટા હતા. હરિ ૐ આશ્રમની મૌન એકાંતની અનુભૂતિ તેઓ સરસ રીતે સમજી શક્તા.

હે તુલશીનાના! આપ જ્યાં હો ત્યાંથી આશીર્વાદ આપતા રહેજો.

આજે ૩૩૪ માળા થઇ ગઇ છે. સાંજે આ નિવાસથી સાવ પાસે દેખાતા સરોવર પાસે—સરોવર દર્શન—અરે, સરોવરને મળવા આજે પદયાત્રા કરી.

નજીક છે એમ માની યાત્રા પ્રારંભ પામી. મંત્રજપની ગૌમુખી સાથે જ હતી. સાથેના સૌ પણ પોતપોતાનામાં મસ્ત હતા. ચાલવાની મોજ માણતા હતા.

પણ, ધાર્યા કરતાં ઘણું દૂર સરોવર મળ્યું. એ પોતાની જળરાશિ દ્વારા જનસમાજની સેવા જ કરતું હતું. કેટલું બધું ચાલ્યા ત્યારે એ સરોવરને મળી શક્યાં. ચાલવું તો પડે. સંતો પણ સરોવર જેવા જ, રમણીય, શાંત, જોતાં જ ઠરી જાવ તેવા હોય ને તેવા તેવા સંતપુરુષને મળવા જવું હોય તો, તે કેટલે બધે દૂર છે, કે તેને તો મૌન છે તેવું ના વિચારવું. નીકળી જ પડવું, ચાલતા જ રહેવું તો ત્યાં શાંતિ, આનંદ, ટાઢક મળશે જ.

સરોવરે પોતાની જળસંપત્તિ જનસમાજને મૌન રહીને ધરી દીધી છે. એ રમણીય શાંત દેહ ઉપરથી માનવ જગત હોડલીઓ ચલાવી ચલાવીને મોજ માણતા હતા.

૧૪,૧૫, હોડીઓ હતી. ઘણી ઘણી હોડીમાં માત્ર બે જ યાત્રી હતા. જાણે સત્સંગની—અધ્યાત્મ હોડીમાં માત્ર બે જ યાત્રી ભક્ત અને ભગવાન.

ભવપાર કરતાં જો ભગવાન નાવિક તરીકે મળી જાય તો



જીવ ધન્ય બની જાય. અહીં આ સામાન્ય નાવિક—સારથિ ઉપર કોઇ પણ જાતની ઓળખાણ વગર બેસનારે વિશ્વાસ મૂક્યો છે કે મને ના જ ડૂબાડે. અને મોટે ભાગે તે વિશ્વાસ સાચો ઠરે છે. સૌ સુરક્ષિત પાછા કિનારે પહોંચે પણ છે.

એ રીતે ભગવાન ઉપર શ્રદ્ધા—વિશ્વાસ રાખી એને જીવન નાવનું સુકાન સોંપવા જેવું છે. એ જીવનનાવના સુકાની ભલે તમને સંસારમાં ફેરવે, પણ એ સતત સાથે રહે. તે જ તો ચલાવે છે. તો પછી કોઇ પણ પ્રકારનો ભય ના સતાવે પાર પાડશે જ. ભલે તોફાન આવે કે વાવાઝોડું આવે, અરે, હોડી એક વાર ડૂબી જાય તો પણ હજાર હાથવાળો હરિ જીવતા રાખીને પોતાના રક્ષક પદને ગૌરવ ધરતો સર્વોત્તમ સારથિપદ સંભાળી જ લે છે.

અહીં થોડી વાર બેઠા છીએ. પ્રકૃતિના શાંત, આકર્ષક સૌંદર્યને જાણે મન મૂકીને માણ્યું છે.

વળતાં ભાઇ આનંદ, જાતે જ સમજીને ગાડી લેવા પાછો નિવાસ ઉપર ચાલતો આવ્યો. ને સૌને ગાડીમાં બેસાડી દીધા છે.

આનંદ તો નાનકડો છે. એને હૈયે જેમણે જેમણે પદયાત્રા કરી તેની તેની ચિંતા છે. એટલે તરત જ ગાડી લેવા દોડ્યો. અને સૌને જાણે ઊંચકી લીધા.

જો નાનકડો યુવાન આનંદ પણ ભગવાનની જેમ સંતોની જેમ, ભક્તોની ચિંતા કરે તો ત્રિરાશી માંડો કે આ પદયાત્રા જેની શક્તિથી થઇ તે પ્રભુએ કેવી કેવી સહાય કરી, તેનો ખ્યાલ આવી જશે. આ જીવનયાત્રામાં તેની કેવી કેવી ચિંતા આપણે માટે જ તેમણે કરી છે. જીવનયાત્રાનો પ્રત્યેક શ્વાસ તેનું જીવતું વરદાન છે. તો આનંદની જેમ જ પ્રભુ પણ, યાત્રીનું ધ્યાન રાખે. યાત્રી બનવું પડે, સોંપવું પડે, તો તે સંભાળે.

અહીં ગાડીમાં તો બેઠા. ત્યાં જ મકાઇ શેકાતી, બાફેલી તૈયાર જોવા મળી છે. સહયાત્રીઓએ મકાઇની મોજ માણી.

આનંદ, રાજીવ નીચે મકાઇ ખાઇ રહ્યા છે. આનંદની પાછળ એક ગાય માતા ફરી રહ્યાં છે. એનો અભિનય એવો હતો કે એને ખૂબ ભૂખ લાગી છે. આનંદે મકાઇને બચાવવા પ્રયત્ન તો કર્યો પણ માના ઇશારાથી આનંદે સ્વેચ્છાએ મકાઇ ગાયમાતાને ધરી દીધી. તે તો ગાયમાતા આરોગી ગયાં. પાછાં રાજીવની પાછળ પડ્યાં છે. રાજીવે પણ પોતાને મળેલો મકાઇનો પ્રસાદનો હક સુરક્ષિત રાખવા પ્રયત્ન તો કરી જોયો, છતાં ન ફાવ્યો. એ ગાયમાતાને માની સૂચનાથી ફરી એક પ્રસાદ ધરાવ્યો.

તે પછી પણ તે ગાયમાતા ભૂખનું દુઃખ વેઠીને આશા સાથે ગાડી પાસે ગાડીના કાચ ઉપર મોં વકાસીને ઊભા હતાં. માએ ભારતીબેનની મકાઇ પણ ગાયમાતાને ધરી દીધી.

આજની સરોવરની પદયાત્રા જાણે આ એક સત્કર્મ કરાવતી ગઇ. ત્રણ મકાઇ ખવડાવવા જ શ્રીહરિ મા સાથે સૌને સરોવર દર્શન માટે લઇ ગયા.

કોઇ પૂછે મહાબળેશ્વર શા માટે આવ્યાં? તો કહી શકાય કે પેલી ગાયમાતાને મકાઇનું દાન કરવા. ભલેને તે નાનું સત્કર્મ છે, પણ છે તો સત્કર્મજને! એવું સત્કર્મ રૂમ સાફ કરનાર માટે પણ થયાં કરે છે. તેને ફળ ને લક્ષ્મીજીનો નાનકડો પ્રસાદ અપાયાં કરે છે.

આવા નાના નાના સત્કર્મથી સૌને શ્રી હરિ સ્વચ્છ કરી રહ્યા છે. હે હરિ, આપની આ નાનકડી સત્કર્મ યાત્રા અખંડ રાખજો.

ભાઇ આનંદની સેવાની સૂઝની કદર કરીને પાછા સૌ



ગાડીમાં બેઠા છે. દશ મિનિટમાં તો વિશ્રામ સ્થાને આવી ગયા. ચાલતા થાકે તો શ્રી હરિ પોતાનો રથ લઇને ઊંચકીને, તેડીને યથાસ્થાને મૂક્તા જ હશે એવો વિશ્વાસ અહીં વધ્યો છે.

સાંજે સ્નાન પછી વિશ્રામ થયો છે. સહયાત્રીઓ ગ્રંથયાત્રા પણ કરી રહ્યા છે. મા મુંબઇથી ૨૦, ૨૫ ધર્મગ્રંથો લાવ્યાં છે. જેને રસ છે તે તે વાંચે છે.

જેમકે રાજીવ વાંચે છે. 'ઇશ્વરના સાનિધ્યમાં' સ્વામી રામદાસનો ગ્રંથ. તો જગુભાઇ વાંચે છે 'અનંતના યાત્રી' દિલીપકુમાર રોયનો ગ્રંથ તો ક્ષીપ્રા વાંચે છે ઇન્દિરાદેવીનું અંગ્રેજી પુસ્તક નીરૂબેન વાંચે છે સ્વામી વિવેકાનંદજીને ને ભારતીબેન તથા જિગીશા વાંચે છે માની નિત્યનોંધ.

સદ્‌ગ્રંથો સર્વોત્તમ સાથી બનીને અહીં સૌને સત્સંગનું સુખ ધરી રહ્યા છે.

ભાઇ આનંદ મંત્રજપમાં મગ્ન છે. વાતમાં જાણવા મળ્યું કે દર મહિને અઢી લાખ મંત્રજપનો નિયમ જ છે. કેવું સરસ યુવાનીનું ભાથું બંધાઇ રહ્યું છે!

અહીં જાણે ૨૪ કલાક શાંતિ છે. સહયાત્રીઓ અનુકૂળ છે. માના ઓરડામાં લગભગ એકાદ બે તો રહે જ છે. રાતે વળી શ્રી નિર્મલ રહે છે.

માની ચોકી કરવા? માની રક્ષા કરવા બેનો સતત હાજર રહે છે? કે માએ સામેથી કહ્યું છે કે તમે કોઇ એક બેન સતત રહો? ના રે ના.

શ્રી હરિની ઇચ્છા. શ્રી હરિની યોજનાથી એ બધું સૌ ગોઠવે છે, ક્રમ પાળે છે. બાકી માની રક્ષા તો શ્રી હરિ હજાર હાથે અખંડ કર્યા જ કરે છે. મા તો શ્રી હરિનાં છે. શ્રી હરિની

અનોખી સંપત છે. તો શ્રી હરિ જ એને સર્વોત્તમ રીતે સાચવે ને, સંભાળે ને સંરક્ષેને!

ચોકી કરવા જો કોઈ બે હાથવાળાં બેન ઓરડામાં રાતે રહે તો તો તેનાથી નિદ્રા પણ ના લેવાય. ચોકીનો અર્થ જ એ છે કે તેણે સતત જાગતા રહેવું પડે. પણ અહીં તો જે મા પાસે રહે છે, તે તો સરસ મીઠી નિદ્રાનું સુખ માણે છે.

સહયાત્રીઓ આ અજાણ્યા સ્થળે જાણે એક શિષ્ટાચાર પાળે છે કે માને કંઇ સેવાની જરૂર પડી તો આ બેનોમાંથી કોઇ એક બેન હોય તો સારું.

તો મા પણ વિરોધ નથી કરતાં. જ્યાં જ્યાં એવી જરૂર સહયાત્રીને લાગે ત્યાં ત્યાં જે જે સાથે હોય તેમાંથી કોઇ પણ એક બેન રહી જાય. કોઈ એક ચોક્કસ બેન જ સતત રહે એવું પણ નથી. દેશ, વિદેશમાં જેવી જેની અનુકૂળતા. ઘણી વાર મા એકલાં જ રહે છે.

માને કોઈ બંધન કે વળગણ શ્રી હરિએ રાખવા નથી દીધું કે કોઈ બેન સતત માની સાથે જ જોઈએ. સૌ વિના મા સરસ રીતે જીવી શકે છે. કારણ કે મા સાથે સતત શ્રી હરિનો સંગાથ છે. માનો શ્રી હરિ સેવક પણ બને અને સખા પણ બને છે.

હે સ્વામી, સખા, સ્વજન, આપને પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)



# ભગિની નિવેદિતા

(ગતાંકથી ચાલુ) **ધીરજબેન નાણાવટી**

ઈ.સ.૧૮૯૮ની નવેમ્બરની પહેલી તારીખે નિવેદિતા સ્વામીજીને મળવા ગયા ને સ્ત્રી કેળવણીના કામ માટે પોતાની ઈચ્છા પ્રગટ કરી ને જાણાવ્યું કે તેઓ સ્ત્રીઓ વચ્ચે રહીને જ કામ કરવા માંગતા હતા. સ્વામીજી ત્યારની સામાજિક પરિસ્થિતિ બરાબર સમજતા હતા તેથી તેમણે શ્રી શારદામણિમાની નજીક રહેવાની વ્યવસ્થા કરી આપી. બીજા જૂના વિચારવાળા બેનોની ઈચ્છા વિરૂદ્ધ તેઓ શ્રીમા સાથે તો ન રહી શક્યાં, પણ શ્રી માના ઘરમાના નીચેના એક ઓરડામાં રહેવાની વ્યવસ્થા કરી આપી. જો કે નિવેદિતાને આ ગમ્યું નહોતું, પણ ભવિષ્યમાં બધું સુધરશે માનીને સ્વીકારી લીધું. શ્રીમા તો નિવેદિતાને 'નરેનની દીકરી' તરીકે માનીને પ્રેમથી આવકારતાં હતાં, થોડા દિવસ પછી સામે જ એક બીજુ ઘર ભાડે રાખવામાં આવ્યું પણ શ્રીમા તો નિવેદિતાને પોતાની સાથે ઘણો સમય આપતાં હતા. ધીમે ધીમે બીજી સ્ત્રીઓએ પણ નિવેદિતા સાથે પ્રેમથી વર્તવા લાગી. નિવેદિતા પણ સ્ત્રીઓ વિષે ઝીણામાં ઝીણું જાણવા માટે તૈયાર હતી, તેથી ઘણું ખરું તે સમજીને બધાં સાથે સારી રીતે વર્તવા લાગી. ઉપરાંત તેને લાગ્યું કે કન્યાશાળા જો ચલાવવી હોય તો બાળકોનાં મા—બાપ ને ન ગમે તેવું શિક્ષણ આપવું નકામું છે. પહેલાં તો જૂની પ્રણાલિકા પ્રમાણે જ શિક્ષણ શરૂ કરવું જોઈએ. ૧૮૯૮ના નવેમ્બર માસની ૧૩મી તારીખે કાલીપૂજાનો દિવસ હતો ત્યારે શ્રીમાએ પોતે નિવેદિતાને ઘેર આવીને કન્યાશાળાનું ઉદ્‌ઘાટન કર્યું, ને આશીર્વાદ આપતા કહ્યું

"જગજ્જની 'મા' આ શાળા પર આશીર્વાદ વરસાવે અને અહીં ભણતી બાલીકાઓ શ્રેષ્ઠ આદર્શો ગ્રહણ કરે એવું શિક્ષણ પામે."

નિવેદિતાએ ખૂબ ખંતથી, ઉત્સાહથી અને પ્રેમથી શિક્ષણનું કાર્ય શરૂ કર્યું, લેખન, વાંચન, ચિત્રકામ, માટીકામ, સીવણકામ વગેરે વગેરે શીખવવાનું શરૂ કર્યું. તેઓ બાલિકાઓને શિક્ષા કદી નહોતાં કરતાં, પણ કંઇ પણ સમજાવવું હોય તો પ્રેમથી ને ગંભીરતાથી સમજાવતાં, સ્વામી વિવેકાનંદ ખૂબ જ પ્રેરણા ને પ્રોત્સાહન આપતા. સ્વામીજીને સ્ત્રીઓ માટે ખૂબ જ સહાનુભૂતિ હતી. તેઓ કહેતા, "કદી ભૂલતાં નહીં કે તમારે સ્ત્રીઓ અને ગરીબ જનતા માટે કાર્ય કરવાનું છે. ભારતમાં બે કલંકો ખાસ નિંદ્ય છે." "સ્ત્રીઓને કચડવી અને ગરીબોને પીલવા. જ્યાં સુધી સ્ત્રીઓની ઉન્નતિ અને જનતાની જાગૃતિ નહીં થાય ત્યાં સુધી દેશમાં બીજી એક પણ ઉન્નતિ સિદ્ધ નહીં થાય." આમ સ્વામીજી ખૂબ જ રસ લઇને શાળાના કામમાં નિવેદિતાને માર્ગદર્શન આપતા હતા. ધીમેધીમે નિવેદિતાની નિખાલસતા, નિસ્વાર્થ પ્રેમભાવને લઇને બાલિકાઓ તેમજ તેમના ઘરની સ્ત્રીઓ નિવેદિતા માટે પ્રેમભાવ દર્શાવવાં લાગ્યાં, નાનીમોટી ભેટ, ફૂલ, ફળ દૂધ મોકલવાં લાગ્યાં. આ બાજુ નિવેદિતા પણ ખૂબ પ્રેમથી, આદરથી તેમને આવકારતાં અને તેમની પ્રશંસાં કરતાં. ધીમે ધીમે જાતિભેદ ઓછો થવા લાગ્યો. એકવાર રાત્રે નિવેદિતા જમવાની તૈયારી કરતાં હતાં ત્યારે સામેના ઝૂંપડામાંથી એક બાળકીનો રડવાનો અવાજ સાંભળ્યો. તરત જ ઊભા થઇને ત્યાં ગયાં તો જોયું કે એક બાળકી જીવન મરણ વચ્ચે ઝોલા ખાતી હતી, ને માતા કલ્પાંત કરતી હતી. તે બાળકી મરણ પામી ત્યાં સુધી નિવેદિતા બીજી આશ્વાસન આપતી સ્ત્રીઓ સાથે બેસી રહ્યાં ને જ્યારે બાળકીની માતા નિવેદિતાના હાથમાં કલ્પાંત કરતાં કરતાં ફસડાઇને પડીને બોલી, "હવે શું કરીશ? મારું બચ્ચું હવે ક્યાં છે?" ત્યારે નિવેદિતાએ તેના માથા પર પ્રેમથી હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું. મા, શાંત થાઓ! શાંત થાઓ! તમારું બાળક જગજ્જની માની ગોદમાં છે તે મા કાળી પાસે છે. દુઃખી ન થાઓ મા! ધીમે ધીમે વાતાવરણમાં શાંતિ છવાઇ ગઇ. આવા હતાં કરુણામયી નિવેદિતા!



૧૮૯૯ના માર્ચ મહિનામાં કલક્તામાં ફરીથી મરકીનો રોગચાળો ફેલાયો ત્યારે રોગ નિવારણ કમિટીના મંત્રી તરીકે નિવેદિતાને નિમ્યાં હતાં. સૌ પ્રથમ તો સફાઇની જરૂર હતી તેથી બીજા ગુરુબંધુઓ સાથે તેઓ પણ સફાઇ કરવા લાગ્યા. મિશનના આવા પદ્ધતિસરના કાર્યથી મેડિકલ ઓફિસર પણ ખૂબ રાજી થયા ને કહ્યું "આ પ્લેગના ઉપદ્રવ દરમ્યાન દયાળું ભગિની નિવેદિતા બાગબજાર લતાની દરેક વસ્તીમાં દેખાતાં હતા. પોતાની જાતનો વિચાર તે લેશમાત્ર કરતાં નહી." પોતે માત્ર ફળ પર રહી દૂધના પૈસા માંદાની માવજત માટે વાપરતાં.

ત્યાર પછી સ્ત્રીઓ માટે ઈસ્પિતાલ શરૂ કરવાનો વિચાર આવ્યો હતો પણ તે અમલમાં ન મૂકી શકાયો તો પણ પોતે એકલાં એકલાં આસપાસની ચોખ્ખાઇ જાળવવા માટે ઝાડું લઇને સાફ સફાઇ કામ કરતાં તે જોઇને જુવાનો પણ શરમના માર્યા સફાઇ કામમાં જોડાઇ ગયા. ડૉ.રાધાગોવિંદ હરિ એક હૃદયસ્પર્શી દાખલો આપીને નિવેદિતા કેટલાં બધાં કરુણામયી હતાં તેની વાત પણ જણાવી હતી.

સ્વામી વિવેકાનંદ જોતાં હતા કે નિવેદિતા જનસેવા કરે છે. શિક્ષણ કાર્ય સરસ રીતે કરે છે, ધ્યાન કરે છે, અધ્યયન કરે છે, પણ તેમને તો હજુ નિવેદિતાને ઉચ્ચત્તમ ધ્યેય સુધી પહોંચાડવા

હતા. કબીર સાહેબે કહ્યું છે, ''ગુરુ એ ઘડનાર કુંભાર છે અને શિષ્ય ઘડો છે. ગુરુ ટીપીને ટીપીને શિષ્યની ત્રૂટીઓ દૂર કરે છે. ઘડો ઘડતી વખતે એ અંદરની બાજુ—એટલે હૃદયમાં—પોતાના હાથનો અખંડ સહારો આપે છે અને બહારની બાજુ ટપાકાં લગાવે છે.'' તેમ સ્વામી વિવેકાનંદ નિવેદિતાનું જીવન ઘડતર કરવાનું કાર્ય કરી રહ્યા હતા. નિવેદિતા પણ પોતાનું અંતિમ ધ્યેય ભૂલ્યાં ન હતાં. પોતે ખૂબ જ સાદાઈથી રહેતાં હતાં, મનસા, વાચા, કર્મથી પૂરેપૂરો સંયમ રાખતાં હતાં, ભોગવવાની વસ્તુઓનો ત્યાગ કરતા હતા અને એક સાધિકાને શોભે તેવું કઠિન જીવન જીવતાં હતાં. સ્વામી વિવેકાનંદ કડક શિસ્ત પાળવામાં માનતા હતા, મઠમાં પણ બીજા ગુરુબંધુઓને એ વિશે વારંવાર કહેતા હતા, નિવેદિતા આ વાતથી પરિચિત હતાં, તેમણે પણ નૈષ્ઠિક બ્રહ્મચારિણીની દીક્ષા લેવાની વાત સ્વામી વિવેકાનંદ પાસે રજૂ કરી અને સ્વામીજીએ ઇ.સ. ૧૮૯૯ની ૨૫મી માર્ચે દીક્ષા આપી. સાથે સાથે કઠોર તપસ્યાનો પરિચય કરાવતાં કહ્યું, ''તમારે અમુક વખત બંધાયને મળવા જવાનું બંધ કરવું પડશે. કડક સંયમી જીવન ગાળી એકલાં જ એકાંતવાસમાં રહેવું પડશે, તમારે તમારા વિચારો, સંકલ્પો, આદતો, જરૂરિયાતો આદર્શો ભારતીય જેવાં જ બનાવી દેવાં પડશે. તમારી બાહ્ય અને આંતરિક જિંદગી પણ એક ચુસ્ત બ્રહ્મચારિણી જેવી જ બની જવી જોઈએ. જો તમારી આવાં બનવાની પ્રબળ ઇચ્છા હશે, તો તમને માર્ગ જરૂર સાંપડશે.'' નિવેદિતાએ તો પોતાની જાતને પૂરેપૂરી સમર્પણ કરી દીધી હતી. તેથી તેઓ આવી આકરી પરીક્ષામાંથી પસાર થવા તૈયાર જ હતાં. સ્વામીજી તેઓને ચેતવી દીધા હતાં કે દુનિયાના કોઈ પણ પ્રલોભનથી લલચાઈને જુદે રસ્તે ન જવું, ઇન્દ્રિયોને વશ થઈને



લાગણીના પ્રવાહમાં ખેંચાઈ જઈને કંઈ પણ કાર્ય ન કરવું. આમ સ્વામીજીએ નિવેદિતાને આધ્યાત્મિક ક્ષેત્રે ઉચ્ચત્તમ શિખર સુધી પહોંચવાની તાલિમ બરાબર આપવા માંડી.

૧૯૦૨ના જુલાઈની બીજી તારીખે નિવેદિતા સ્વામીજીને મળવા બેલુર મઠ ગયાં. સ્વામીજી તે વખતે ઉપવાસ પર હતા પણ નિવેદિતાને આગ્રહ કરીને જમાડવા માટે ઉત્સુક હતા. તેમને ખૂબ પ્રેમથી જમાડીને પોતે જાતે જ તેમના હાથ ધોવડાવવા લાગ્યા ને ટુવાલથી લુછી પણ આપ્યા. ખરેખર, આવો શિષ્યા પ્રત્યેનો પ્રેમ બહુ ઓછો જોવા મળે. નિવેદિતા તો ગદ્ગદ્ થઈ ગયાં અને કહેવાં લાગ્યાં કે શિષ્યા તરીકે મારે તમારી સેવા કરવાની હોય, આપે નહીં. સ્વામીજીએ ઈશુ ખ્રિસ્તનો દાખલો આપતા કહ્યું કે તેમણે પણ શિષ્યોના પગ ધોયા હતા. નિવેદિતાને યાદ આવ્યું કે એ તો અંતિમ કાર્ય હતું. પણ તેઓ કંઈ બોલ્યા નહીં, પાછળથી તેમને સમજાયું કે તેમના ગુરુનું પણ આ અંતિમ કાર્ય હતું. નિવેદિતા તેમની પાસે રહ્યાં ને ખૂબ ખૂબ વાતો કરી. ત્યાર પછી ૧૯૦૨ના જુલાઈની ચોથી તારીખે સ્વામીજીએ મહાપ્રયાણ કર્યું ને તેની ખબર નિવેદિતાને આપવામાં આવી ત્યારે તેમને રાત્રે આવેલાં સ્વપ્નાની વાત યાદ આવી, સ્વપ્નામાં તેમણે જોયું કે, ''શ્રી રામકૃષ્ણ પરમહંસ પોતાનું શરીર બીજી વાર છોડી જાય છે.'' આ સમાચાર જાણતાં જ તેઓ બેલુર મઠ પહોંચી ગયાં, અને અસહ્ય દુ:ખ અનુભવવાં લાગ્યા. તેઓ કંઈ પણ બોલી ન શક્યાં ને લખી પણ ન શક્યાં. પોતાની ડાયરીમાં માત્ર એટલું જ લખ્યું ''સ્વામીજી ગયા.'' તેમને સ્વામીજીના શબ્દો યાદ આવવા લાગ્યા. ધીમે ધીમે નિવેદિતાના વિચારોમાં પરિવર્તન આવવા માંડ્યું તેમને દેશની આઝાદી ખાતર લડત લડવાની જરૂરિઆત લાગી પણ મઠના

કોઈ પણ સભ્યને રાજકારણમાં પડવાની મનાઈ કરવામાં આવી હતી. તેઓ મુંઝવણ અનુભવતાં હતાં, પણ અંતે તેઓએ મઠ છોડવાનો નિશ્ચય કરી લીધો અને મઠના ગુરુબંધુઓને આ વાતની જાણ કરી અને શ્રી રામકૃષ્ણ મિશનથી છૂટાં પડ્યાં. પણ હૃદયથી તો પહેલાં જેવાં જ જોડાયેલાં રહ્યાં, હવે તેમણે સહી કરવાનું બદલી નાખ્યું "શ્રી રામકૃષ્ણ સંઘના નવેદિતા" લખવાનું બદલીને "શ્રી રામકૃષ્ણ–વિવેકાનંદનાં નિવેદિતા" એમ લખવા માંડ્યું.

ત્યાર પછી નિવેદિતા ભારતનું નવઘડતર કરવાના પંથે પડ્યાં. તેઓ સ્વદેશાભિમાન વિશે, સ્ત્રીઓની સ્વતંત્રતા વિશે, આદર્શ જીવન વિશે, વિદ્યાર્થી જીવનના અખંડ બ્રહ્મચર્ય વિશે, બાળકોની કેળવણી વિશે વાતો કરીને દેશના લોકોને જાગ્રત કરવાની પ્રવૃત્તિમાં ગૂંથાઇ ગયાં. સાચા ધર્મને સમજાવતા તેઓએ નિઃસ્વાર્થ વૃત્તિથી પ્રેરાઈને કાર્ય કરવા માટે બધાને ઉત્સાહિત કરવા લાગ્યાં. ખાસ કરીને તેમણે પોતાના ગુરુજીના સંદેશાને પ્રચલિત કરવા લખ્યું કે, સ્વામીજીએ ૧૮૭૯માં કહ્યું હતું. "હવે પચાસ વર્ષો સુધી બધાં દેવોમાં ભારત માતા જ આપણી પૂજા માટે અગ્રણ્ય ધરાવશે. ભારત માતા જ આપણે માટે જીવતી જાગતી પ્રત્યક્ષ દેવી છે." તે વખતે 'વંદે માતરમ્' ગાન બંધ કર્યું હતું પણ ભગિની નિવેદિતા એ બોલાવીને જ રહેતાં. આમ તેઓ દેશોન્નતિના કામમાં તનતોડ મહેનત કરીને આગળ વધવા માંડ્યાં. તે સમયના અગ્રગણ્ય રાજકીય નેતાઓના ગાઢ સંપર્કમાં આવ્યાં, ને ભારતના પુનરોદ્ધારનાં કામમાં તન, મન, ધનથી જોડાઈ ગયાં.

૧૯૧૦માં તેમને લાગ્યું કે હવે તેઓ બહુ જીવવાનાં નથી તેથી શ્રીમતી બુલને તેમણે લખીને જણાવ્યું. ત્યાર પછી



૧૯૧૧ના એપ્રિલ માસમાં તેઓ બેલુરમઠમાં ગયાં ને સ્વામી વિવેકાનંદના ઓરડામાં ધ્યાનમાં બેસી ગયાં. તેમને પોતાનો અંત નજીક આવતો દેખાયો. ધીમે ધીમે તેમની તબિયત બગડવા લાગી તેથી આરામ કરવા દાર્જિલિંગ ગયાં. પણ તબિયત તો વધુ ને વધુ બગડવા માંડી. તેથી તેમણે પોતાની મિલ્કત ભારતમાતાને અને કન્યાશાળાને અર્પી દીધી. છેલ્લે તેમણે બુદ્ધ ભગવાનની વિશ્વ શાંતિની ને પ્રેમની પ્રાર્થના વંચાવી ને પછી ઊંડા ધ્યાનમાં ઉતરીને છેલ્લી ઘડીએ "ૐ અસતો મા સદ્ગમય"ની સ્તુતિ કરી. ઓક્ટોબર મહિનાની ૧૨મી તારીખે તબિયત ખૂબ ખરાબ થઈ પણ મક્કમ અવાજે બોલ્યાં! "હું જાઉં છું પણ સૂર્યપ્રકાશ જોયા વગર નહીં જાઉં! ખરેખર ૧૩મી ઓક્ટોબરની સવારે સૂરજનાં પ્રથમ કિરણો જોઈને જ ભગિની નિવેદિતાએ મહાપ્રયાણ કર્યું. લોકોની મેદની ઉભરાઈ. અગ્નિ સંસ્કાર કર્યા પછી તેમની સમાધિ બંધાઈ તેના ઉપર લખ્યું છે." અહીં સૂતાં છે ભગિની નિવેદિતા જેમણે ભારતને પોતાનું સર્વસ્વ સમર્પણ કર્યું છે. નમૂના સમાન, આધ્યાત્મિક ક્ષેત્રે ઝળહળતાં ધ્રુવ તારક સમાન, રાજકીય ક્ષેત્રે, ભારતમાતાનું ઋણ અદા કરનાર, "શ્રી રામકૃષ્ણ–વિવેકાનંદના નિવેદિતાને" અનંત કોટિ પ્રણામ. સ્વામી વિવેકાનંદે એકવાર કહ્યું હતું. "જોજો. ભારતમાં નિવેદિતા, નિવેદિતા થઈ જશે!" અને એવું જ થયું. સ્વામીજીના આશીર્વાદને સફળ કરી બતાવ્યા. ધન્ય હો ધન્ય હો. એ વીર નારીને.

**—મુકુલ કલાર્થીના લેખને આધારે**

# A Loving Son's letter to Pujya Maa

**Samit**

Thank you, Pujya Maa for giving me the opportunity to go on Prachar for the eye camp. During the Prachar, I met so many people who looked up to us as their saviours. When our car came near their house, their old eyes would light up. Yes, I choose to call it their house, even though they are wooden shanties, barely without any light, walls or windows but had lot of love and contentment. They came out with folded hands, hope in their eyes, that we bring them some relief in life. But the hope and relief is not brought by us, it is you, Pujya Maa. It is because of your far reaching vision and your selfless goal of giving, giving and giving. Whenever, I told someone that we are coming from Ambaji, they would understand that it is Swargarohan and nowhere else that they would get the ray of hope in their life. Thank you, Pujya Maa, for giving this opportunity to contribute towards the Eye camp. Even if one person turns up to whom I spoke or distributed the pamphlet, then I will feel that I have achieved something in life and also feel happy that I took some initiative to change a life.

The Satkarm that we did in the morning also has left a big impact on me. Thank you, Pujya Maa for



giving us the opportunity to do something like this. It is only you, Pujya Maa who could have thought about these people. I was astonished to see, how a four year old child can walk around 5–6 kilometers with so much load on her head, bare feet and without any warm clothes on her, infact she had just enough to cover herself. And here we were standing, with our shoes and sweaters and still shivering in cold. I thank God for blessing us with such a life. I know thank you is a very small word to acknowledge what He has given us and I wish and hope that I can do more for the people who are less privileged and needy. Pujya Maa, I pray to you to please give me more and more opportunities to do such Satkarms. Please give me the strength, ability, health and anukulta. Thank you, Pujya Maa.

Whenever Rakshita used to talk about Pujya Maa and about Swargarohan it made me inquisitive all the time and would only imagine how it would be. I now feel that why didn't I get a chance to have your Darshan earlier, why didn't I get a chance to come to Swargarohan earlier, why didn't I get a chance to serve people earlier, why didn't I get to learn so many things, why didn't I get to understand that one doesn't have to do bhajan and kirtans only to get closer to God. I don't have answers to all these questions and also do not seek answers for these. Jaago tyaare

savaar. Thank you, Pujya Maa, for making it possible for me to come to Swargarohan. This visit was truly a spiritual turning point in my life and also a life changing experience for me. I cannot wait to come back to Swargarohan for your blessings and darshan and continue doing Satkarms in whatever way I can.

Pujya Maa, I miss having your darshan, I miss Swargarahon very much. ***Tan thi bhale hu ahiya hov, pan Mann thi hu Swargarohan Maa chhu.*** Even while I am working or doing anything I am constantly thinking about You, Pujya Maa and Swargohoran. I have never seen a Saint or Guru, who takes care of the minutest detail of everything, who encourages children so much, who doesn’t force people to follow a particular ritual or practice, who does innumerable good deeds for others and without expecting anything in return or for take publicity. Pujya Maa, I am blessed to have your darshan and come under your Om Yogeshwaray Namah. Om Maa Sarveshvariyay Namah. Jai Krupadu Maa.

Pujya Maa,

Please accept my Sashtaang Pranaam. First of all, thank you Pujya Maa for making it possible for me to come to Swargarohan. The spiritual and religious experience that I had in the four days that I stayed at Swargarohan will be more than any visit to a religious place, Mandir or Tirthsthaan. Ofcourse, but to forget,



the new life that you have given to me.

During my first visit to Swargarohan on 24 December 2008, when I took my first step in Swargarohan, I got a divine feeling. I have heard people say, but this is the first time that I understood what a divine feeling is! I immediately felt cut off from the world and it truly felt like a Swarg and continues to feel right now too. I was longing to come back to Swargarohan and when we got the news of Vrati’s Janoi, I was probably more excited than Vrati because I knew that I would get Pujya Maa’s darshan and blessings.

When I started the journey towards Swargarohan, little did I know that my perspective towards life, prayers, pranaam, jap and Guru will change forever. I always believed that we should try to give something back to the society and to the less privileged, but I have never been able to do anything, except for feeling sad and sorry about it. In cities and places that I have visited I have seen a lot of poor people and less privileged people, but I never got a chance to see the reality, see what poverty means and understand the reasons behind why they are so poor and how they fight with life, not only for daily necessities but also for their very existence. In our busy and self–centered lives we easily forget to Thank God for all what we have, because we probably do not realize the value of

life, do not realize that we are running behind things which will not last for long, ignoring or choosing to ignore what we have and strive for what we don't. We have no right to feel discontent with life, infact we should feel blessed and keep thanking God for the life that he has given us in which we should not live only for ourselves but for others too.

Thanks you Pujya Maa for the re–birth. When we were doing the Janoi vidhi in the Kutiya, Snehalbhai told me something which I will never ever forget. He said "***Gai kaale badha batuko ni Janoi Brahmano e karavi, Brahman sanskar karavya ane detail ma vidhi o karavi. Pan tu ketlo bhagyashaali, tane to swayam, Pujya Maa e Janoi apavi, a safed doro matra 50 paisa no doro nathi, aa ek Raksha Kavach chhe, je tane swayam Pujya Maa, Bhagwaan, e pote apavi chhe."*** I had never realized the importance of a Janoi and only understood one thing, that people wearing a Janoi are Brahmins. But after listening to Panditji and seeing the entire Janoi vidhi, I understand that it is not only the Janoi, but also the sanskar that makes a Brahmin. Thank you Pujya Maa. What more could I have asked from God. I got my Janoi in Kutiya, the most sacred place, where no prayers go unanswered, where one prays for forgiveness, where one prays to get closer to God. Thank you for giving me the opportunity to speak in



the baithak. I couldn't speak much, as I was still unable to believe that something, so sacred, like this would ever happen to me. I wasn't prepared to speak and also didn't know what I'd speak. But I know one thing, Pujya Maa only made me speak whatever little I could.

Please continue being our guiding light for everything and I pray that please let us never ever forget you and give us the strength, health and ability to get closer to God.

***Varad hasta Prabhu tamaro, Saday rehjo Jeevan saharo.***

Pranaam Maa. Om Yogeshwaray Namah. Om Maa Sarveshvariyay Namah. Jai Krupalu Maa.

**Your loving son,**
**Samit**

સાધનામાં નિષ્ઠાવાન થઇ ડૂબી જવું. તન્મય થવું, અધ્યાત્મના મહાન આદર્શો માટે પોતાના જીવનને સોંપી દેવું, એ જ યથાર્થમાં ગુરુવાંછિત ગુરુદક્ષિણા છે. ગુરુદેવ આવી દક્ષિણા ઝંખે છે કે પ્રત્યેક શિષ્ય જ્વલંત અભિપ્સાનું કેન્દ્ર બની ઝળહળે.

**–સ્વામી ચિદાનંદ**

# સ્નેહઝંખતા બાળકનો સ્નેહ ઝરતો પત્ર

**અનુવાદ : નારાયણ હ. જાની**

પૂ.માને,

પૂ.મા મારા સાષ્ટાંગ પ્રણામ આપ સ્વીકારો. સૌ પ્રથમ, મારા માટે સ્વર્ગારોહણ આવવાનું શક્ય બનાવ્યું, તે બદલ હે મા, આપનો ખૂબ આભાર. કોઇ ધાર્મિક સ્થળ, મંદિર કે તીર્થ સ્થાનની મુલાકાતના પરિણામે મને જે ધાર્મિક લાભ થયો હોત, તેના કરતાં સ્વર્ગારોહણ ખાતેના મારા ચાર દિવસના રોકાણ દરમ્યાન મને જે આધ્યાત્મિક તેમ જ ધાર્મિક અનુભૂતિઓ થઇ, તે અનેક ગણી વધુ કહી શકાય, મને જે નવું જીવન આપ્યું તે બેશક, ન ભૂલાવું જોઇએ.

૨૪, ડીસે. ૨૦૦૮ના રોજ મારી સ્વર્ગારોહણની પહેલી મુલાકાત વખતે મેં સ્વર્ગારોહણમાં જેવો પગ મૂક્યો કે મને એક પ્રકારની દિવ્ય લાગણી અનુભવાઇ. લોકોને આ અંગે વાત કરતા, મેં સાંભળ્યા હતાં. કિન્તુ મને પહેલી વાર સમજાયું કે દિવ્ય લાગણી કેવી હોય, મને તુરત જ અનુભવાયું કે જાણે સંસારથી મારો સંબંધ કપાઇ ગયો છે અને સાચે જ હું સ્વર્ગમાં આવી ગયો છું. એટલું જ નહીં પરંતુ અદ્યપિ એ જ અનુભવ ચાલુ રહ્યો છે. ફરી સ્વર્ગારોહણ આવવાની મને આંતરિક પ્રબળ ઇચ્છા થતી હતી. અને જ્યારે મને જાણવા મળ્યું કે વ્રતીની જનોઇ છે, તો વ્રતી કરતાં પણ મોટે ભાગે હું વધારે પ્રોત્સાહિત હતો એ વિચારે કે ચાલો એ નિમિત્તે ફરી એકવાર પૂ.માનાં દર્શન થશે અને આશીર્વાદ મળશે.



જ્યારે મેં સ્વર્ગારોહણ આવવાની મુસાફરીનો પ્રારંભ કર્યો ત્યારે મને જરાય કલ્પના ન હતી કે જીવન, પ્રાર્થનાઓ, પ્રણામ, જપ અને ગુરુ વિષેની મારી માન્યતાઓ હંમેશ માટે આમ બદલાઇ જશે. મારી હંમેશાં એ માન્યતા રહી કે આપણે જે સમાજ પાસેથી પામીએ છીએ તેના બદલામાં સમાજને અને જેમની પાસે કંઇક ઓછું છે તેમને આપવા પ્રયત્નશીલ રહેવું જોઇએ. પરંતુ તે દિશામાં કેવળ દુઃખ અને ગ્લાનિ અનુભવ્યા સિવાય કંઇજ નક્કર કરી શક્યો ન હતો. શહેરમાં અને જે સ્થળોની મેં મુલાકાત લીધી છે ત્યાં બધે મેં ઘણા બધા ગરીબ અને અભાવગ્રસ્ત માણસોને જોયા છે, પરંતુ ખરેખર આ અંગેનું સત્ય શું છે તે જાણવાની મને કદી તક મળી ન હતી. ગરીબાઇ શું છે અને શા માટે આ લોકો ગરીબ છે તેની પાછળના કારણો સમજવાની તેઓ જીવવા માટે કેવો સંઘર્ષ કરે છે—તેમની રોજિંદી જરૂરિયાતો પ્રાપ્ત કરવા જ નહિ, પરંતુ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા તેમને કેવો ભારે પરિશ્રમ કરવો પડે છે. આપણા રોજિંદા ધમાલિયા જીવનમાં અને સ્વકેન્દ્રિત અભિગમને લીધે આપણને બીજાના કરતાં જે વિશેષ મળ્યું છે તે બદલ પ્રભુનો આભાર માનવાનું ભૂલી જઇએ છીએ—કારણ—સાચું પૂછો તો કદાચ જીવનનું મૂલ્ય શું છે, તે આપણે સમજતા જ નથી. અને જે વસ્તુઓ લાંબો વખત ટકવાની નથી તેની પ્રાપ્તિ માટે દોટ મૂકતા રહીએ છીએ. એમ કરવામાં આપણી પાસે શું છે અને શું નથી તે મેળવવા મથી રહ્યા છીએ. તે સમજવાની અવગણના જાણે અજાણે કરી રહ્યા છીએ. સાચું પૂછો તો આપણને પ્રભુએ જે આપ્યું છે તે પર્યાપ્ત છે અને કોઇપણ પ્રકારના અભાવ માટે અસંતોષ રાખવાનું કોઇ કારણ નથી. એથી ઉલટું આપણે સંતોષ

માની પ્રભુએ આપણને જે જીવન આપ્યું છે તે બદલ પ્રભુનો આભાર માનતા રહી, કેવળ આપણા એકલા માટે જ ન જીવીએ કિન્તુ બીજાઓને પણ મદદરૂપ થઇએ.

મારા આ પુનર્જન્મ બદલ હે મા, હું આપનો આભાર માનું છું. જ્યારે અમે કુટિયામાં જનોઇ અંગેની વિધિ કરી રહ્યા હતા ત્યારે શ્રી સ્નેહલભાઇએ મને જે કંઇ કહ્યું તે હું જીવનભર કદી ભૂલીશ નહિ. ''ગઇકાલે બધા બટુકોની જનોઇ બ્રાહ્મણોએ કરાવી, બ્રાહ્મણ સંસ્કાર કરાવ્યા, અને વિસ્તારથી વિધિ પણ કરાવી. પણ તું કેટલો ભાગ્યશાળી કે તને તો સ્વયં પૂ. માએ જનોઇ અપાવી. એ સફેદ દોરો માત્ર ૫૦પૈસાનો દોરો નથી. આ એક રક્ષા કવચ છે જે તને સ્વયં પૂજ્ય મા ભગવાને પોતે અપાવી છે.'' આ જનોઇનું શું મહત્ત્વ છે તેની મને કશી ખબર ન હતી અમે ફક્ત એટલું સમજતા કે બ્રાહ્મણો હોય તે જનોઇ પહેરે. પરંતુ પંડિતજીને સાંભળ્યા તેમ જ જનોઇની બધી વિધિ જોયા પછી મને સમજાયું કે એ માત્ર જનોઇ (સુતરનો દોરો) ધારણ કરવો એવું નથી પરંતુ જેનાથી બાળક બ્રાહ્મણ બને છે, તે સંસ્કાર છે. પૂજ્ય મા આપનો ખૂબ ખૂબ આભાર. ભગવાન પાસે આથી વિશેષ મેં શું માંગ્યું હોત! મારો જનોઇ વિધિ કુટિયામાં થયો. આ કુટિયા એવું પવિત્રસ્થળ છે કે જ્યાં કરવામાં આવેલી હરેક પ્રાર્થનાનો પ્રત્યુત્તર સાંપડે છે, જ્યાં સાધક પોતાની ભૂલો માટે પ્રભુની ક્ષમા યાચે છે અને પ્રાર્થના દ્વારા પ્રભુની નજીક જવા પ્રયત્ન કરે છે. હે મા, મને બેઠકમાં બોલવાની તક આપવા બદલ આભાર. જો કે હું તે વખતે વિશેષ ના બોલી શક્યો કારણ કે હું તે વખતે એ માની નહોતો શકતો કે આવું કંઇક પવિત્ર મારા જીવનમાં કદી ઘટશે. વળી બોલવા માટે



મારી કોઇ પૂર્વતૈયારી ન હતી એથી મારે શું બોલવું જોઇએ, તેની મને જાણ ન હતી. કિન્તુ મને એટલી ખબર છે કે જે કંઇ થોડું બોલ્યો તે પૂ.માએ જ બોલાવ્યું છે.

નેત્રયજ્ઞના પ્રચાર માટે મને જે તક આપી તે બદલે હે મા, આપનો ખૂબ આભાર. પ્રચાર દરમ્યાન મારે કેટલાય માણસોને મળવાનું થયું, જાણે અમે તેઓના ઉધ્ધારક હોઇએ તેવા અહોભાવથી અમારી પ્રત્યે જોતા હતા. જ્યારે અમારી ગાડી તેમના ઘર પાસે પહોંચી કે તેમની વૃદ્ધ આંખોમાં ચમક આવી ગઇ. હા, હું તેમના આ ઝૂપડાને ઘર કહેવાનું પસંદ કરીશ, કારણ કે તે કેવળ લાકડાંથી તૈયાર કરેલી છે, જેમાં નથી કોઇ બારી, પ્રકાશ કે ભીંતો; છતાં તેઓમાં મને ભરપૂર પ્રેમ અને સંતોષ જણાયો. તેઓ પોતાના બે હાથ જોડીને બહાર આવ્યા. તેઓની આંખોમાં એક આશા હતી કે અમે તેમના જીવનમાં કંઇક રાહત પહોંચાડશું પણ આ આશા અને રાહત અમારે લીધે નહિ, પરંતુ પૂ.મા આપને લીધે જ. આ તો જ શક્ય બન્યું છે કે આપને સેવાના બદલામાં કશુંક જોઇતું નથી. તમે તો ફક્ત નિઃસ્વાર્થભાવે આપો, આપો—એમાં જ માનો છો. જ્યારે મેં કહ્યું કે અમે અંબાજીથી આવીએ છીએ કે તેઓ તુરત જ સમજી જાય છે કે સ્વર્ગારોહણથીજ આવ્યા છીએ, બીજે ક્યાંયથી નહિ. આ સ્થાને તેમના જીવનમાં એક આશાનું કિરણ પ્રકટાવ્યું છે. નેત્રયજ્ઞમાં મારો યકિંચત્ ફાળો આપની તક આપવા બદલ હે મા, હું આપનો ખૂબ આભારી છું. જેમને મેં પેમ્ફલેટ વહેંચ્યાં કે વાત કરી, તેમાંનો અકાદ માણસ પણ આ કેમ્પમાં આવી રાહત પામશે તો મારાથી જીવનમાં કંઇક સારું થઇ શક્યું એવી લાગણી હું અનુભવીશ. મને એ વિચારે સુખ થશે કે ચાલો

લાવવામાં નિમિત્ત બન્યો.

સવારે પણ જે સત્કર્મ થયું, તે મારા પર ભારે છાપ પાડી ગયું. હે મા, આવું કરવાની તક આપવા બદલ આપનો ખૂબ આભાર. હે મા, તમે એક જ એવાં છો જેમને આ ગરીબ લોકોનો વિચાર આવ્યો. મને એ જોઇને ભારે આશ્ચર્ય થયું કે માત્ર ચારપાંચ વર્ષનું બાળક ઉઘાડે પગે, શરીર ઉપર કોઇ ગરમ કપડા સિવાય માથા ઉપર લાકડાનો ભારો લઇ પાંચ છ કિલોમીટર ચાલી શકે. અરે, શરીર ઢંકાય એટલાં જ કપડાં એ છોકરીના શરીર પર હતાં, જ્યારે અમે તો ગરમ સ્વેટર અને બૂટમોજા પહેરેલા છતાંય ઠંડીમાં અહીં ધ્રૂજતા ઊભા હતા. હે પ્રભુ, અમને આવું સારું જીવન આપવા બદલ તારો ખરે જ ખૂબ આભાર. હું જાણું છું કે પ્રભુએ, જે આપ્યું છે તેની નોંધ માટે આભાર શબ્દ પણ અપૂરતો લાગે છે. હું ઇચ્છું છું ને આશા રાખું છું કે જે લોકો ગરીબ અને અભાવગ્રસ્ત છે તેમને માટે હું વધું કંઇ કરી શકું. પૂ.મા, મારી એ પ્રાર્થના છે કે આવાં સત્કર્મો દ્વારા ગરીબોની સેવા કરવાની મને વધુ તકો મળતી રહે. તે માટે મને આરોગ્ય, આર્થિક અને શારિરીક શક્તિ અને અનુકૂળતા આપતાં રહેજો.

રક્ષિતા જ્યારે પણ પૂ.મા અને સ્વર્ગારોહણ વિષે વાત કરતી ત્યારે દર વખતે મને એ જાણવાની જિજ્ઞાસા થતી કે ત્યાં કેવું હશે તેની હું કલ્પના કરવા લાગતો. પણ હવે મને એ વાતનો અફસોસ થાય છે કે આપના દર્શને વહેલા આવવાની મને તક કેમ ના મળી! સ્વર્ગારોહણ આવવાની અને લોકોની સેવા કરવાની તક મને પહેલાં કેમ ન સાંપડી? મને કેમ ન સમજાયું કે ભગવાનની નજીક જવા માટે મારે ફક્ત ભજન અને કીર્તન



કરવાં એ પૂરતું નથી. આ બધા પ્રશ્નોના મારી પાસે કોઇ જવાબ નથી અને એ પ્રશ્નોના જવાબ હું શોધતો પણ નથી. ‘‘જાગ્યા ત્યારથી સવાર’’એ સૂત્ર પ્રમાણે સ્વર્ગારોહણ આવવાનું ને જાણવાનું આપે હે મા, મારે માટે શક્ય બનાવ્યું તે બદલ આભાર. સાચે જ, મારી સ્વર્ગારોહણની આ મુલાકાત મારા જીવનને આધ્યાત્મિકતા તરફ વાળનારી—અને જીવનમાં કદીય ન ભૂલાય તેવા પરિવર્તનનો અનુભવ કરાવનારી બની રહી. સ્વર્ગારોહણ આવી આપના આશીર્વાદ અને દર્શન પામવા માટે હવે હું કદી વિલંબ કરીશ નહીં, વળી અહીં આવી મારાથી શક્ય હોય તેવાં સત્કર્મો પણ કરતો રહીશ.

હે મા, તમારા દર્શન અને સ્વર્ગારોહણ વગર મને સૂનું લાગે છે. તનથી ભલે હું અહિયા હોઉં, પણ મનથી હું સ્વર્ગારોહણમાં છું. ભલેને હું અહીં કંઇ પણ કામ કરતો હોઉં, પણ મને સતત આપની અને સ્વર્ગારોહણની યાદ આવે છે. મેં અત્યાર સુધીમાં એવા કોઇ સંત કે ગુરુ જોયા નથી જે દરેક બાબતની ઝીણામાં ઝીણી બાબતોનો ખ્યાલ રાખતા હોય, બાળકોને આટલી બધી રીતે પ્રોત્સાહિત કરતાં હોય, પોતાના અનુયાયીઓને કોઇ ચોક્કસ પ્રકારની વિધિઓ કે પદ્ધતિઓ અનુસરવા દબાણ કરતાં ન હોય, જે અસંખ્ય સત્કર્મો કરવા છતાં બદલામાં કશી જ અપેક્ષા ન રાખતા કે ખોટી પ્રસિદ્ધિની જેમને કંઇ ના પાડી હોય. હે મા, હું ખરે જ, ભાગ્યશાળી છું કે હું આપનાં દર્શન પામ્યો ને આપની શરણમાં આવ્યો.

હે મા, જીવનની દરેક પ્રવૃત્તિમાં આપ અમારા પથ અજવાળનારા બનવાનું ચાલુ રાખજો, અમે આપને કદી ભૂલીએ નહિ. આપ અમને પ્રભુની સમીપે જલ્દીથી પહોંચી જઇ શકીએ

તે માટે જરૂરી શક્તિ અને આરોગ્ય આપતાં રહેજો, એ જ પ્રાર્થના છે.

વરદહસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.
પ્રભુ અને મા આપને ખૂબ ખૂબ પ્રણામ.
જય કૃપાળુ મા.

**આપનો સ્નેહઝંખતો બાળ,**
**સમિત.**

---

**(પાના ૩૪નું અનુસંધાન)**

**મહર્ષિ :** મનની સમક્ષ જ્યારે ગમતી વસ્તુઓ રજુ થાય છે ત્યારે તેને સુખ મળે છે. વસ્તુતઃ સુખ આત્મામાં અંતર્ગત છે, કારણ કે બીજું કોઈ સુખ છે જ નહિ અને તે પરકીય અને દૂર પણ નથી. તમે જેને સુખદાયક ગણો છો તેવા પ્રસંગોમાં તમે આત્મામાં મજ્જન કરો છો; એ મજ્જનને પરિણામે તમને આત્મગત આનંદ મળે છે. પરંતુ વિચારોના સંગને કારણે એ આનંદ તમને બીજી વસ્તુઓમાં અને ઘટનાઓમાં દેખાય છે, જ્યારે ખરેખર તો એ આનંદ તમારી અંદર જ છે. એવા પ્રસંગોએ તમે અજાણપણે પણ આત્મામાં ડૂબકી મારો છો. એકમાત્ર સત્યસ્વરૂપ આત્મા, જે વસ્તુતઃ સુખ છે, તે અને તમે એક જ છો એવા અનુભવમાંથી જન્મેલી શ્રદ્ધા અને જ્ઞાન સહિત જો તમે ડૂબકી મારો તો તેને તમે આત્મપ્રાપ્તિ કહો છો. હું ઈચ્છું છું કે તમે આત્મામાં અર્થાત્ હૃદયમાં જ્ઞાનપૂર્વક ડૂબકી મારો.



# સાચા ગુરુનાં લક્ષણો

**સંત રવિદાસ**

વાસ્તવિક રીતે જોઈએ તો સાચા ગુરુની ઓળખ કોઈ બાહ્ય ચિહ્ન ઉપરથી કરી શકાતી નથી. તેઓ તો પરમાત્માનું જ સ્વરૂપ છે. તેઓ આંતરિક રીતે પરમાત્મા સાથે જોડાયેલા રહે છે. એમની અંતરંગ વૃત્તિ હરહંમેશ પરમાત્મામાં ડૂબેલી રહેલી છે. પ્રભુના નામસ્મરણથી તેઓ રંગાયેલા હોય છે અને પ્રભુનું નામ એ જ એમનો એક માત્ર આધાર હોય છે. બહારથી જોઈએ તો તેઓ એક સદ્‌ગૃહસ્થનું જીવન જીવતા હોય છે અને પ્રામાણિકતાથી પોતાની આજિવિકા ચલાવતા હોય છે. તેઓ કદીય બીજાઓ ઉપર બોજારૂપ થતા નથી.

સંસારનાં સુખદુઃખ, જન્મ મરણ, લાભ, હાનિ તેમ જ હાર, જીત વગેરે દ્વંદ્વોની અસરથી તેઓના મનમાં કદી હર્ષ કે શોકની લાગણી પેદા થતી નથી. તેઓ કદીય અકર્મણ્યતા કે નિષ્ક્રિયતાનું જીવન જીવતા નથી, એટલું જ નહિ પરંતુ હરહંમેશ કોઈપણ પ્રકારના ફળની ઈચ્છા વિના સહજ રીતે પ્રાપ્ત થતા પોતાના કર્તવ્ય કર્મમાં લાગેલા રહે છે. તેઓ જલકમલવત્ આ સંસારમાં રહે છે. સાંસારિક વાતાવરણ એમને સ્પર્શી શક્તું નથી. તેથી તેઓ બધાથી નિર્લેપ હોય છે. તેઓમાં અહંકાર કે અહંભાવનો છાંટોપણ હોતો નથી. તેઓ સર્વનું હિત ચાહતા હોય છે, પછી કોઈની પ્રત્યે દ્વેષ તો એમને હોય જ ક્યાંથી?

બીજાઓનાં દુઃખ જોઈ એમનું હૃદય દ્રવી ઊઠે છે. એઓ ખૂબ જ દયાળુ ને ક્ષમાશીલ હોય છે; છતાં એનો કોઈ દેખાવ

કરતા નથી. તેમ જ પોતાને કદી ગુરુ કહેવડાવવાની ઈચ્છા પણ ધરાવતા નથી. તેઓ હંમેશા સત્ય વ્રતનું પાલન વાણી અને વ્યવહારમાં કરતા હોય છે. જૂઠ, કપટ, પક્ષાપક્ષીથી તેઓ હંમેશાં દૂર રહેવાનું પસંદ કરે છે.

એમની વાણી એટલી બધી મીઠી હોય છે કે એ સાંભળતા જ લોકોનાં હૃદય એમના તરફ ખેંચાણ અનુભવે છે. એમના દર્શન કે સ્પર્શ માત્રથી માણસ મનમાં અપૂર્વ શાંતિ ને આનંદનો અનુભવ કરે છે.

એમનામાં પવિત્રતા એટલી બધી હોય છે કે આંતરિક અથવા બાહ્ય અશુદ્ધિ એમની પાસે ફરકી શકતી જ નથી. એમને દુન્યવી વિષયો પ્રત્યે લેશમાત્ર આસક્તિ હોતી નથી. તેઓની વિવેકવૃત્તિ સદૈવ જાગૃત હોય છે એટલે તેઓ નિરક્ષીર વિવેકથી વાસનાઓના વિષનો ત્યાગ કરી, પરમાત્માના પ્રેમરૂપી અમૃતનું જ પાન કરે છે. તેઓએ પોતાના મનમાંથી બધા જ વિકારો અને લૌકિક વાસનાઓને દેશવટો દીધો હોય છે. તેમનું જીવન ફક્ત એક ઈશ્વરને જ સમર્પિત હોય છે. અર્થાત્ પોતાના જીવનનું સર્વસ્વ પોતાના પ્રભુનાં શ્રીચરણોમાં આનંદપૂર્વક સમર્પિત કરવા તૈયાર રહે છે.

જે પરમાત્માના નામનું સતત સ્મરણ કરે છે તેને સંત સમજવા જોઈએ; કારણ કે પરમાત્માની ભક્તિ સિવાયનો મનુષ્ય જન્મ વ્યર્થ છે. જે કુટિલ માણસ માયામાં ફસાઈને પરમાત્માનાં શ્રીચરણોમાં પ્રીતિ કરતો નથી તેમ જ જેના મનમાં પદ ને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની ભાવના અને અહંકારનો નિવાસ છે, તેવી વ્યક્તિને ભલા સંત શી રીતે કહેવાય?

જે દિવસે પરમાત્માના પ્યારા ભક્ત કે સાચા સદ્ગુરુનો



મેળાપ થાય, તે દિવસ જીવનનો ખરેખર પરમ સૌભાગ્યશાળી દિન છે; કારણ કે પરમાત્માના પ્યારા ભક્તો જ્યાં પગલાં પાડે કે બેસે છે, તે સ્થળ પવિત્ર બની જાય છે. સંતો આ સંસારમાં કેવળ દયાભાવથી પરોપકાર કરવા જ આવતા હોય છે તેમ જ જે અધિકારી જીવો એમના સંપર્કમાં આવે છે તેનું પથદર્શન કરી તેમને ભવસાગર પાર કરવામાં સહાય કરે છે.

સાચા શિષ્યને પોતાના સદ્ગુરુના દર્શનથી જે આનંદ થાય છે, તેનું વર્ણન થઈ શકે તેમ નથી. ભૌતિક પદાર્થોમાં અને ઇન્દ્રિયોની વિષય વાસનામાં આસક્ત જીવોને એ અલૌકિક આનંદની કલ્પના પણ ક્યાંથી આવી શકવાની? તેઓ સાચા સંતના અદ્ભુત મહિમા અને નિરાળી શાનની કલ્પના ક્યાંથી કરી શકે?

સાધુસંતોનો મેળાપ થવાથી જે સુખની સંપ્રાપ્તિ થાય છે, તેને વર્ણવી શી રીતે શકાય? એમની હાજરીમાં પ્રભુના ગુણગાન ગાતાં સંસારના બધા જ કલેશો દૂર થઈ જાય છે. સંતોનો મહિમા માયાની જાળમાં ગળાડૂબ ડૂબેલા સંસારી વિષયાસક્ત જીવોને ક્યાંથી સમજાવાનો? એમની હાલત તો ઘાંચીના બળદના જેવી છે. તે નિરંતર ફર્યા કરે છે. એની આંખ ઉપર ઢાંકણ છે. આ જીવોની આંખ ઉપર પણ માયાનું આવરણ કે અવિદ્યાનું પડળ ચઢેલું છે. તેથી તેને સંતો કે ઈશ્વરનો મહિમા નહિ સમજાય.

અંતમાં સંત રવિદાસજી કહે છે કે જે પરમાત્માની ભક્તિમાં લીન છે, તેને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેય પદાર્થોની સંપ્રાપ્તિ થઈ ગઈ છે એમ સમજવું.